Shubh Diwali



# વાયડામિત્ર

વર્ષ : ૯૬, ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮,
અંક ૧૦-૧૧, કિંમત : રૂ ૩૦/-(વાર્ષિક)

## નૂતન વર્ષાભિનંદન



નૂતન વર્ષાભિનંદન


A TRIBUTE TO THE LEGACY
OF
C. SUNDERLAL & CO.
ON THE AUSPICIOUS OCCASION OF
COMPLETING
100
YEARS
OF ESTABLISHMENT
1918 -2018
189, K.M. Sharma Marg,
Mumbai 400 002
T: 22080400, 22080410
info@csunderlal.com www.csunderlal.com

MTC

MANISHA TRADING CORPORATION
Wishing You Happy Diwali & Prosperous New Year

Naimish Shroff : 99980 33215
SB-17, Ivory Terrace, R.C. Dutt Road,
Alkapuri, Vadodara 7.
Ph.: 9737922215, 2334543,
E-Mail.: manishatrading1@yahoo.com

OSRAM LED
HYBEC lighting the future
LUTRON Automation Solution
K-LITE
Schneider Electric
norisys
RR KABEL
WIRE NAHIN, BHARAT KI NUBZ HAIN HUM.
wizhom
TOYAMA







મંજુલાબહેન ઝવેરી

## રાધાની પ્રાર્થના

ઓ, તારાં પ્રથમ વાર દર્શન થયાં અને મેં જાણ્યું કે તું જ છે મારો જીવન સ્વામી, તું જ છે મારો પ્રભુ, મારા અર્પણનો સ્વીકાર કર. તારા જ છે મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયના ભાવો, મારાં સર્વ સંવેદનો, મારા જીવનની સર્વ ક્રિયાઓ, મારા શરીરનો પ્રત્યેક કોષ, મારા રક્તનું એકએક બિંદુ. પૂર્ણ ભાવે અને સર્વ ભાવે, નિ:સંકોચ, હું તારી જ છું. મારા માટે તારી જે કંઈ ઈચ્છા હશે તે હું થઈશ. મારે માટે તું જીવન પસંદ કરીશ કે મૃત્યુ, સુખ કે દુ:ખ, આનંદ કે વેદના, તારી પાસેથી મને જે કાંઈ મળશે તે સર્વ હું સત્કારી લઈશ. તારી એકેએક બક્ષિસ મારા માટે હંમેશા પ્રભુની દિવ્ય બક્ષિસ બનશે અને એ મને પરમ આનંદ આપશે.

– શ્રી માતાજી

શ્રી કિરીટકુમાર ગ. ઝવેરી, અ.સૌ. સરયૂ કે. ઝવેરી,
શ્રી મહેશભાઈ વી. ગંભીરવાલા, અ.સૌ. માધવી એમ. ગંભીરવાલા, શ્રી સિધ્ધાર્થ એમ. ગંભીરવાલા,
અ.સૌ. પલ્લવી એસ. ગંભીરવાલા, ચિ. પૂર્વી એમ. ગંભીરવાળા,
ચિ. મેઘા, ચિ. અવની એમ. ગંભીરવાલા.

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮, પ્રત-૧૧૨૬, વર્ષ-૯૬ અંક : ૧૦-૧૧**

**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

E-mail : vayva95@gmail.com., Website : www.vayvaset.in

**સંચાલક ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈ-મેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,
નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩, ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨(સાંજે ૯.૦૦ પછી)
૬૩૫૪૪૯૧૧૩૦(સાંજે ૯.૦૦ પછી), ઈ-મેઈલ : naparikh7@yahoo.in

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂા.૩૦/-(સામાન્ય), રૂા.૧૦૦૧/-(આજીવન), રૂા.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂા. ૫૦૦૧/-

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

**શુભ દીવાળી તથા નૂતન વર્ષાભિનંદન**





## પ્રમુખશ્રીનો નવા વર્ષનો સંદેશ



સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વેને સં. ૨૦૭૪ની શુભ દીપાવલી અને સં. ૨૦૭૫ના નૂતન વર્ષના પ્રારંભે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. તેમજ સૌ જ્ઞાતિજનોને આગામી વર્ષ શ્રી વાયડમાંની કૃપાથી સુખ, શાંતિ, સમૃદ્ધિ, સુખાકારી તથા આરોગ્યમય બની રહે તેવી અંતઃકરણની પ્રાર્થના.

ગત વર્ષે દેશ તેમજ જ્ઞાતિને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. દેશે, નીતિમત્તા તેમ જ સૈદ્ધાંતિક માર્ગે ચાલી વિકાસનો માર્ગ ચિંધનાર સ્વપ્નદ્રષ્ટા શ્રી અટલ બિહારી બાજપાઈ ગુમાવ્યા છે અને જ્ઞાતિએ પણ આજના સમય સાથે ચાલી જ્ઞાતિને Digital Communication and Connectivity ના માધ્યમ પર લઈ જનાર સ્વપ્નદ્રષ્ટા શ્રી ચીનુભાઈ આર. શાહને ગુમાવ્યા છે.

આપણી જ્ઞાતિ ૮૦૦ થી ૧૦૦૦ કુટુંબ ધરાવતી નાની પણ સમૃદ્ધ છે. જ્ઞાતિના જ્ઞાતિજનો ભારત ઉપરાંત વિશ્વસ્તરે U.S.A., CANADA, SINGAPORE, AUSTRALIA, U.K., SWEDEN, SWITZERLAND, GERMANY વગેરે દેશોમાં વસાવટ કરે છે. દરેકને વાયડામિત્ર તેમ જ વાયડ એક સાંકળતી કડીરૂપ છે અને આપણને સૌને સાથે જકડી રાખનાર એક જીવંત માધ્યમ છે. સમય અનુસાર, ગત વર્ષોમાં વાયડામિત્રને Online વાંચી શકાય તે હેતુથી www.vayvaset.in શરૂ કર્યા બાદ Knowledge Hub, Vayconnect, Globally Connected Vayda, WhatsApp Group અને છેલ્લે Online Vastipatrak website પર તથા mobile app દ્વારા જ્ઞાતિજનોને મળી રહે તેમ પ્રયાસ શરૂ કર્યા છે.

તા. ૧૭-૧૨-૨૦૧૭ના રોજ મીટીંગમાં શ્રી ચીનુભાઈએ નાદુરસ્ત તબિયત કારણસર પ્રમુખ તેમ જ ટ્રસ્ટી તરીકે રાજીનામું આપ્યું જે ભગ્ન હૃદયે સ્વીકાર્યા બાદ, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે મારી વરણી કરવામાં આવી. વર્ષો સુધી સ્વ. મુ. શ્રી ઈન્દુભાઈની આજીવનસેવાને લીધે બાળપણથી જ જ્ઞાતિ પ્રત્યે લગાવ તેમજ ભાવનાથી લીધેલ આ જવાબદારી માતાજીની કૃપાથી તેમ જ આપ સૌ

શ્રી નીલાબહેન હરીશભાઈ પરીખ પરિવાર (થાણે, મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

જ્ઞાતિજનોના સાથ, સહકાર અને વડીલોના આશીર્વાદથી નિભાવવા કટિબધ્ધ છું.

મારી દ્રષ્ટિએ આજના સમયમાં જ્ઞાતિજનોને હવે બે મુખ્ય દિશામાં નવી પ્રવૃત્તિ શરૂ કરવાની જરૂર છે એક શૈક્ષણિક અને બીજી મેડીકલ. આવા જ વિચાર સાથે માર્ચ, ૨૦૧૮ના વાયડ સંઘ સમયે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સહાય અંગે પ્રવૃત્તિ શરૂ કરવાની જાહેરાત સાથે જ રૂ.૨૭ લાખ એકત્ર થઈ ગયા. મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે વર્ષો સુધી Germany માં રહી હવે ભારત સ્થાયી થયેલ મુ. શ્રી સતીશભાઈ જી. પારેખના માતબર રૂ. ૧૦ લાખના દાન સાથે આજ સુધી કુલ રૂ. ૪૦ લાખ એકત્ર થયા છે.

હજુ પણ દેશ વિદેશથી દાનનો સ્તોત્ર ચાલુ જ છે અને ખાસ કરીને વિદેશમાં વસતા જ્ઞાતિજનોને મારી નમ્ર વિનંતી છે કે માતાજીની કૃપાથી આપ સર્વેએ ખૂબ જ પ્રગતિ કરી છે અને ઘણી સારી રીતે સ્થાયી થયેલ છો તો સહુ કોઈ પોતાની ફરજ સમજી ફાળો મોકલી સૌ કાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરું છું.

શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેની વિગતવાર માહિતી સમયાન્તરે વાયડામિત્રના માધ્યમથી સૌને મળતી રહે છે. અત્યાર સુધીમાં અમદાવાદ મુકામે બે સેમિનાર કર્યા છે અને સહાય અંગેની અરજીઓ મંગાવી યોગ્ય નિર્ણય લઈ સહાય પણ કરવામાં આવી છે. આપ સૌના સહકારથી હું જ્ઞાતિની વધુ ને વધુ સેવા કરવા કટિબદ્ધ છું

આગામી વર્ષ ૨૦૧૯ની ફેબ્રુઆરીની ૧૨-૧૩-૧૪ દરમ્યાન વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન દ્વારા પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખની રાહબરીમાં વાયડમુકામે શતચંડી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરેલ છે. સૌ જ્ઞાતિજનો આનંદ અને ઉત્સાહથી ૨૫ વર્ષ બાદ આવતા આવા અતિ ધાર્મિક પ્રસંગે વાયડ આવી માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરે તેવી સૌને વિનંતી કરું છું.

સૌ જ્ઞાતિજનોને મારા જય શ્રી કૃષ્ણ

**– શશાંક આઈ. શાહ**
**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ, પ્રમુખ**

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.





# વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન
# પ્રમુખશ્રીનો સંદેશ



વ્હાલા જ્ઞાતિજનો,

નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. નવા વર્ષમાં દરેક જ્ઞાતિજન ખૂબ ખૂબ પ્રગતી કરે, તંદુરસ્ત રહે તથા સૌની સુખાકારી વધતી રહે એવી માતાજીને પ્રાર્થના.

આ શુભેચ્છાઓ સાથે ઈશ્વરને પ્રાર્થના કરું છું કે જ્ઞાતિએ જે વિશ્વાસ મારામાં મુક્યો છે તેને ધ્યાનમાં રાખી જ્ઞાતિના સર્વ કાર્યો સફળતાપૂર્વક પૂરા કરવાની ઈશ્વર મને સમજ, શક્તિ અને સદ્‌બુધ્ધિ આપે એ જ પ્રાર્થના.

સાથે સાથે માતાજીના ચરણોમાં વંદન સાથે પ્રાર્થના કરું છું કે જ્ઞાતિની પ્રગતિને અવિરત અને ઉત્તરોત્તર વધતી રાખજો. સૌને સ્વસ્થ રાખે, સૌને સાથે રાખે, સૌનો સંપ પણ અવિરત વધતો રાખે. સંપ હશે, સહકાર હશે અને સદ્‌ભાવના હશે તો જ્ઞાતિની પ્રગતિમાં, જ્ઞાતિની કીર્તિમાં અને જ્ઞાતિના કાર્યોની સફળતામાં ચાર ચાંદ લાગી જશે. એટલે મારી માતાજીને એક જ પ્રાર્થના છે કે અમને સૌને સાથે જ રાખે, સંપ થી રાખે.

આ સાથે તમે સૌ જાણો જ છો કે આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં આપણે વાયડ સંસ્થાનમાં માતાજીના શતચંડી પ્રતિષ્ઠા યજ્ઞનું આયોજન કરી રહ્યા છીએ. આ પ્રસંગને આપણે સૌ સાથે મળીને ખૂબ સરસ રીતે, સુંદર આયોજન કરી શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવીએ એવી ભાવના સાથે તમારા સૌનું સ્વાગત કરવા માંગુ છું તમે પણ ઉત્સાહથી આ "શતચંડી યજ્ઞ"માં આવો અને માતાજીની સેવા-પૂજાનો લાભ લો. તમે જાણો જ છો કે વાયડમાં શું છે ? પણ આપણે તો જંગલમાં મંગલ કરવાનું છે. નાનકડા ગામમાં આપણને શહેર જેવી સગવડતા કદાચ ન મળે પણ તમને ત્યાં જ્ઞાતિ, પરિવાર તો મળશે જ. તમને ત્યાં આનંદ તો મળશે જ. બને તેટલી વધારે સગવડ મળે તે માટે અમે પ્રયત્નશીલ છીએ. અમે એ પ્રમાણેનું આયોજન કરી રહ્યા છીએ. પણ આ માટે હું તન, મન, ધનથી તમામ

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સહકારની પણ અપેક્ષા રાખું છું. કારણ તમે જાણો જ છો કે ઝાઝા હાથ રળીયામણા. આગવું આયોજન હશે તો તકલીફ ઓછી પડશે અને કાર્યની સરળતા સાથે સફળતા મળશે. વાયડામિત્ર દ્વારા આપણે જોડાએલા રહીશું જેથી મારી વિનંતી તથા સમાચાર આપને મળતા રહે.

ગયા અંકમાં મે આયોજનની રૂપરેખાનો નિર્દેશ આપ્યો છે. મેં થોડા સ્વયંસેવકોની જરૂરીયાત જણાવી છે. હું માનું છું તમે આ માટે સમય આપવા તૈયાર જ છો. મને જણાવશો તો મારી શક્તિ વધશે.

બીજું આજે હું યુવાવર્ગ સાથે થોડી વાત કરવા માંગું છું. આપણો દેશ યુવાન છે. કારણ આજે દેશમાં યુવાનોની વસતી વધારે છે. આ યુવાશક્તિ જેના હાથમાં આવતીકાલનું ભાવિ છે. જે આવતીકાલના સુકાની છે. તેઓ આજથી જ જો થોડો થોડો સમય જ્ઞાતિ, સમાજ કે દેશની પ્રગતિ માટે આપે તો ઘણા કાર્યો ઘણી ઝડપથી પુરા થઈ શકે. વળી તેઓ ટેકનોલોજીમાં પણ પાવરધા છે. એટલે તેઓ ખૂબ ઝડપથી કાર્યોને પાર પાડી શકે છે.

મારી તમને સૌને વિનંતી છે કે તમે જ્ઞાતિના કાર્યો માટે આગળ આવો. જ્ઞાતિ આગળ આવશે તો દેશ પણ આગળ આવશે. તમે આવતીકાલના સુકાની છો. આજથી પરિવાર, જ્ઞાતિ અને દેશની જરૂરીયાતને તમે સમજશો તો કાર્યની સફળતા માટે સંઘર્ષની જરૂર જ નહીં પડે.

બસ ફરીથી સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આપણે સૌ ફેબ્રુઆરી મહીનામાં માતાજીના શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવને શાનથી ઉજવીએ, સાથે રહી આનંદ કરીએ અને એકબીજાની જરૂરીયાતોને સમજીને મદદરૂપ થવાના શપથ લઈએ. એ જ અભ્યર્થના સાથે.

સૌને – દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ

નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન**

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.





## વાયડામિત્ર ટીમનાં નૂતન વર્ષાભિનંદન





વાયડામિત્ર ૯૬ વર્ષ પુરા કરીને ૯૭માં વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહયું છે. અમે સતત તેને વધારે દેખાવડું અને સમૃદ્ધ કરવા માટેનાં પ્રયત્નો કરી રહ્યા છીએ. ઘણા નવા અને યુવાન લેખકો, કવિઓ પોતાની કૃતિઓ મોકલી રહ્યા છે તેનો આનંદ છે. હજી પણ વધુ ને વધુ જ્ઞાતિજનો વિવિધ વિષયો ઉપર તેમનાં મૌલિક લેખ મોકલાવે તેવી અપેક્ષા છે. અમારો વિશેષ આગ્રહ છે કે જ્ઞાતિના નવયુવાનો પોતાની કવિતાઓ, વાર્તાઓ તથા લેખો વધુ ને વધુ મોકલાવે જેથી વાયડામિત્ર તેમની પ્રતિભા ખીલવવામાં સહાયભૂત બની શકે તથા જ્ઞાતિજનો પણ તેમની પ્રતિભાથી અવગત થઈ શકે.

વાયડામિત્રનાં માધ્યમથી આપ સૌ જ્ઞાતિજનોની સેવા કરવાની તથા મળવાની સુંદર તક મળી છે તે માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ તથા આપ સૌને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મળવાનો આનંદ અનુભવીએ છીએ.

ઘણાં બધાં જ્ઞાતિજનોને હજી વાયડામિત્ર નિયમિત મળતું નથી તેનો અમને ખેદ છે. વાયડામિત્રની ટીમ આપને અંક સમયસર મળે તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરી રહી છે. અમારી આપ સૌને નમ્ર વિનંતી છે કે જો આપના સરનામામાં ફેરફાર થાય તો નવા સરનામાની વિગત સાથે મેમ્બરશીપ નંબર તથા જૂનુ સરનામું પણ અવશ્ય મોકલવું. વાયડામિત્રને વધુ લેખનસમૃદ્ધ બનાવવામાં આપના સૂચનો આવકાર્ય છે.

**– શ્રેણીક પરીખ, તંત્રી**
**– નિશીથ પરીખ, વ્યવસ્થાપક**

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

## નવા વર્ષની મંગલ પ્રભાતે ઈશ્વરને પ્રાર્થના



હે ઈશ્વર,

આજથી શરુ થતું નવું વર્ષ માનવીના જીવનમાં આનંદ પ્રગટાવે, હૃદયમાં માનવતાનો દીપ પ્રગટાવે, મનને સદ્ભાવનાથી ભરી દે, હાથ આપણા સદ્કાર્યો તરફ વળે, ચરણો આપણાં સત્યના માર્ગે ચાલે, ધન આપણું સમાજસેવાર્થે વપરાય, હૃદયમાં 'સ્વ'ના સ્થાને 'સર્વ' આવે, હૃદયમાં વહેતો વેરનો પ્રવાહ પ્રેમના દરિયામાં ડૂબી જાય અને સૃષ્ટિ આપણી સ્વર્ગ બની જાય.

આંખ બંધ કરી, જરા ઊંડું વિચારશો તો સામે રામરાજ્ય જરૂર દેખાશે અને આપણું હૃદય આ પરિકલ્પનાના આનંદથી ભરાઈ જશે. દરેક નવા વર્ષના પ્રભાતે આપણે આવી જ પ્રાર્થના ઈશ્વરને કરીએ છીએ અને આંખ બંધ કરી રામરાજ્યની પરિકલ્પનામાં ખોવાઈ જઈએ છીએ અને બીજા જ દિવસથી...

હૃદયમાં પ્રગટેલો માનવતાનો દીપ ધીમે ધીમે અસ્ત થતો જાય છે. હૃદયમાંથી વહેતો પ્રેમનો પ્રવાહ 'સ્વ'ના તાપમાં સૂકાતો જાય છે. સદ્કાર્યો તરફ વળેલા આપણાં હાથ ક્યારે 'સ્વ'–કાર્ય તરફ વળી જાય છે તેની ખબર પણ નથી પડતી, સત્યના માર્ગે ચાલતાં આપણાં ચરણોને અસત્યના અરણ્યમાં ખોવાતાં વાર પણ નથી લાગતી, હૃદયમાંથી પ્રેમની શિતળતા વેરના દાવાનળમાં ક્યારે ખાક થઈ જાય છે તેની ખબર પણ નથી પડતી. અંતે આપણને મળે છે – દુ:ખ, પરિતાપ અને પારવાર યાતના. આમાં વાંક આપણાં કાચા નિર્ધારનો છે. આપણાં ઓછા સંકલ્પબળનો છે, આપણા સ્વાર્થી સ્વભાવનો છે.

પણ,

આજથી શરૂ થતાં નવા વર્ષના મંગલ પ્રભાતે આપણે સહુ સાથે મળીને આપણાં સંકલ્પોને ખૂબ મજબૂત બનાવીએ, વધુ ને વધુ દૃઢ બનાવીએ અને માનવી, દેશ અને દુનિયાના કલ્યાણ માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.... કવિ શ્રી કરસનદાસ માણેકની થોડી કાવ્ય પંક્તિ સાથે

નવું વર્ષ બનજો નવા યુગનું વહાણુ....<br>
ન સૈન્યો, ન શસ્ત્રો, ન ખટપટ, ન ખૂનો,<br>
ન સુસ્તો, ન ત્રસ્ત્રો, ન ગરીબી, ન ગૂન્હો,





ન રોગી, ન ભોગી, ન કજીયા, ન કાજી.<br>
કરી લુપ્ત આંખોએ સંસાર જૂનો,<br>
ભૂંસી જૂના યુગનું એ જૂનું ઉઘરાણું,<br>
નવું વર્ષ બનજો નવા યુગનું વહાણું,<br>
વસુધામાં પાંગરજો અમૃતનો વેલો,<br>
ને કિલ્લોલતો રહેજો માનવનો મેળો,<br>
ન શોષિત, ન શોષક, ન બંદૂક, ન બેડી.<br>
ન માલિક, ન દાસો, ન કૂબો, ન મહેલો,<br>
નવું રોપવું ધરતીમાં એક દેવ થાણું,<br>
નવું વર્ષ બનજો નવા યુગનું વહાણું...<br>
સર્વ જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા સાથે...

**– ગીતા રમેન્દ્ર પરીખ**

## અટલબિહારી વાજપાઈને શ્રધ્ધાંજલી





સરલ થે, સજાગ થે; દેશ કે પ્રતિ સભાન થે.<br>
અટલ તુમ અડગ થે; દેશ કા સન્માન થે.<br>
સાંસદ કે સવાલ થે; સંસદમે જવાબ થે.<br>
જનતા જનાર્દન કા; અટલ તુમ વિશ્વાસ થે.<br>
આવન જાવન કા; અટલ યે નિયમ હૈ.<br>
યાદેં રહ જાતિ હૈ; જબ શ્વાસ અટક જાતિ હૈ.<br>
અટલ તુમ અટલ થે; દેશકા સ્વાભિમાન થે.

**– શોભના સુનિલ શાહ, અમદાવાદ**

## નવા વર્ષે જીવનને ભરપૂર માણવાનો સંકલ્પ કરો !



આર્થર શોપનહોરનું એક અવતરણ છે – પહેલા ચાલીસ વર્ષો જિંદગીની ટેક્સ્ટબુક છે અને બાકીના ત્રીસ એની કોમેન્ટ્રી! તેના સંદર્ભમાં ટોમ સ્ટોપાર્ડનું વિધાન છે – મેચ્યુરીટી (પરિપક્વતા) માટે એજ (ઉંમર) એ ચૂકવવી પડતી બહુ મોંઘી કિંમત છે.

લાઈફ બિગીન્સ એટ સિક્સટી. ૬૦ વર્ષની ઉંમર વૃદ્ધાવસ્થા નથી, મધ્યમવયથી થોડી મોટી ઉંમર છે અને એજ ઈઝ જસ્ટ અ નંબર ગેમ. તેનાથી વિશેષ કશું જ નથી. ફોરએવર યંગ રહેવાની જાદુઈ તરકીબ હાથવગી છે – લાઈફ ટાઈમ બાળક બનીને રહેવું! એ મુગ્ધતા, એ કુતૂહલતા, એ રોમાંચ, એ હાસ્ય કદી ય ગુમાવવા નહીં. બાળક બની જવામા જે મજા છે તે કશાયમાં નથી. જિંદગીમાં દુ:ખ, પીડા, ડીપ્રેશન બધું અવશ્ય આવશે પણ પછી ભૂલકાના રુદનની જેમ લાંબુ નહીં ટકે.

જ્યાં લગી છાતી, ઘૂંટણ અને કપાળ પર બુઢાપો આવતો નથી ત્યાં સુધી જિંદગી જવાન, રંગીન અને શોખીન છે. જે કવિતા, ફિલ્મ અને ચિત્રોમાં કોલેજિયન હતા ત્યારે ગતાગમ ન હતી પડતી, એ હવે સમજાય છે. સંબંધોના ગૂંચવાડા જે પહેલાં ભેદી લાગતા તે હવે ઉકેલાય છે. સુખ સુવિધાના સ્વપ્ન આજે હકીકત બનીને ઊભરી રહ્યા છે.

જીવનમાં અનેક ઉતારચઢાવ આવતા હોય છે. જિંદગી તમને બુદ્ધુથી બુદ્ધિગમ્ય બનાવે છે, માણસ મુફલિસથી મહાજન બનતો હોય છે. જીવનના આ અનુભવોમાંથી કેટલાક જીવનસૂત્રો – લાઈફ ફંડા જડયા છે. નવા વર્ષે તેને માણવાનો સંકલ્પ કરો. જિંદગી બાગબાગ થઈ જશે. એક વાત યાદ રાખો, જીવવામાં મસ્ત નહીં રહો તો મરવામાં વ્યસ્ત રહેવું પડશે.

નાઉ કમઓન. જમ્પ એન્ડ ડાઈવ.

૧) ચાલવું – વાહન હોય તો પણ ચાલો. રોજ સવારે અથવા સાંજે ચાલો. શક્ય હોય તો એકલા ચાલો. ચાલતી વખતે 'સ્વ' સાથે સંવાદ કરો. આ સમય છે, જ્યારે તમે તમારી સાથે હો છો. તમારી સાથે તમારા જીવનસાથી કે મિત્ર હોય

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.





તો મૌન સાધવા માટે પ્રયત્ન કરો. ઝડપથી ચાલવા કરતાં લયબધ્ધ ચાલવું વધુ મહત્ત્વનું છે. તમારા દરેક પગલાંને શ્વાસ સાથે જોડી દો.

૨) દિવસમાં એકવાર ભરપેટ જમો. બધાં જ સ્વાદ માણો. ક્યારેક ખાવા માટે જીવો. પછી એક ટંક જમવાનું છોડી દો. ગાંધીજીની જેમ અસ્વાદ વ્રત કેળવવાનું નથી. ડાયાબિટીસ હોય તો પણ અઠવાડિયામાં એકવાર એક ટુકડો મીઠાઈનો ખાવ. તેનાથી ખાસ ફરક નહીં પડે. જે દિવસે એક સમોસું ખાવ એ દિવસે એક કિલોમીટર વધારે ચાલો.

૩) હસો, ખડખડાટ હસો, વારંવાર હસો. પોતાના પર તો ભૂલ્યા વગર હસો. હાસ્ય સહજ અને કુદરતી હોવું જોઈએ, કૃત્રિમ નહીં. ખડખડાટ હસવું એ પણ એક કસરત છે. મિત્રોની મહેફિલમાં મન મૂકીને હસો.

૪) વાંચો, પુષ્કળ વાંચો. વાંચનની રેન્જ લાંબી રાખો. આવકના દસ ટકા પુસ્તકો પર ખર્ચવા. બુકેને બદલે બુક ભેટમાં આપો. લેપટોપ ખૂંદી વળો. વેબસાઈટસ જુઓ. સારા વાંચનની નોંધ કરો. એકલતામાં આ શોખ કામ લાગે તેવો છે. પુસ્તક એ કદી ગુમાવવો ન પડે એવો મિત્ર છે. સીડી અને ડીવીડી વસાવો. વિશ્વના મહાન વક્તાઓના ભાષણો સાંભળો.

૫) ફિલ્મો જુઓ, જૂની ફિલ્મો જુઓ, વારંવાર જુઓ. આર્ટ, રોમાન્સ, સસ્પેન્સ, સામાજિક દરેક પ્રકારની ફિલ્મો જુઓ. જૂની ફિલ્મો જોઈને તમારા સમયને યાદ કરી લો. ફિલ્મો એ કેમેરાથી લખાયેલુ સાહિત્ય છે. સંગીતને માણો. સંગીતની રેન્જ મોટી રાખો. રફી, કિશોર, લતા અને મુકેશના જાદુભર્યા અવાજને માણો. ગીતોના શબ્દોને પકડો. ઘોંઘાટમય સંગીતથી દૂર રહો. ક્યારેક બિસ્મિલ્લાખાંની શરણાઈથી માંડીને પંડિત શુજાઉદ્દીનનું સૂફી સંગીત સાંભળો. મોર્નિંગમંત્રથી માંડીને રીલેકસેશનના સંગીતને માણો.

૬) એક એવો મિત્ર રાખો જેના ખભા પર માથું મૂકીને તમે રડી શકો. મિત્રતા વિષે લાંબુ લખવાની જરૂર નથી.

૭) ફોન, ટીવી, ફેસબુક, વોટ્સઅપ આપણી સગવડતા માટે છે, આપણે તેની સગવડતા માટે નથી. માટે તેના ગુલામ નહીં, માલિક બનો. તમામ ફોન કે મેસેજ કે પ્રોગ્રામ એટેન્ડ કરવા ફરજિયાત નથી. આપણો ફોન અન્યની અગવડતા માટે નથી તે પણ યાદ રાખો.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

૮) ઊંઘો, બેશરમ થઈને પણ રવિવારે કે રજાને દિવસે. રોજ બ્રહ્મમુહૂર્તમાં ઉઠવાની જરૂર નથી. ખાસ જરૂરી કામ ન હોય તો મોડા ઉઠો. દુનિયાને તમારું કામ હશે તો રાહ જોશે. ઉજાગરા આદત ન બનવી જોઈએ. મોડા સૂઓ, મોડા ઉઠો – એમાં કાંઈ ખરાબ નથી. તમારી બોડી સાઈકલ તે પ્રમાણે સેટ થયેલી છે. પણ મહત્વનું છે–ઉઠ્યા પછી સ્ફૂર્તિ બરકરાર રહેવી જોઈએ.

૯) અમુક વખતે બોલો ઓછું, સાંભળો વધુ. તેનાથી ફાયદો થાય છે. સામેની વ્યક્તિને પહેલા બોલવા દો. બધાં પત્તાં એક સાથે ખોલી ન દો. જે વધુ પડતું બોલે છે તેની દશા કવચકુંડળ ઉતારેલા કર્ણ જેવી થાય છે.

૧૦) 'ના' કહેતાં શીખો. 'ના' ન કહી શકવાથી ક્યારેક મુશ્કેલીમાં મૂકાવું પડે છે.

૧૧) પોતાને ગમે તેવાં કપડાં પહેરો. શરીર આપણું છે. પૈસા આપણાં છે. ચોઈસ આપણી છે. સુંદર દેખાવું તે દરેક મનુષ્યનો ધર્મ છે. જગત ઈચ્છે તે પ્રમાણે જાત શણગારવાની જરૂર નથી. હા, અમુક સંવેદનશીલ પ્રસંગો કે શિસ્ત સૌજન્યના ભાગરૂપે અનિવાર્ય પ્રસંગો સિવાય.

૧૨) ક્યારેક કોઈ એકમાત્ર લેખક, વક્તા, અભિનેતા, સંગીતકાર કે રાજકારણીના આંધળા ભક્ત ન થવું, તેનાથી અંજાવું નહીં. કાઉન્ટર વ્યૂઝ પણ જરૂરી છે. ઘણીવાર તેનાથી સાચી પરિસ્થિતિની જાણ થતી હોય છે.

૧૩) ગુસ્સો કરવો અને તે થાય જ – જે માનવસહજ નબળાઈનું લક્ષણ છે પણ તેને ઝડપભેર ઉતારવો. ક્રોધને કાયમી દુશ્મનાવટ કે પૂર્વગ્રહમાં ન ફેરવો. ક્રોધ એ મગજનું અલ્સર છે. ક્યારેક ગુસ્સો વાજબી હોય છે. તેના વગર જાહેર સંસ્થાઓમાં કામ થતું નથી. પણ તેને મર્યાદિત રાખો. ગુસ્સો મનમાં ધરબીને બ્લડપ્રેશર વધારવું એના કરતાં વ્યક્ત કરીને રીલેક્સ થઈ જવું બહેતર છે. આ દેશ બેવકૂફો કરતાં બુદ્ધિમાન બદમાશોથી ખદબદે છે. આવા કહેવાતા સેક્યુલરોને મોં પર ચોપડાવી દેવી. તેઓ સાથે સંબંધ રાખવાથી કોઈ ફાયદો નથી અને ન રાખવાથી કોઈ નુકશાન નથી.

૧૪) ફરવું – બચતના ભોગે પણ ફરો – પ્રવાસ કરો. જે કિતાબોમાં નથી, તે પ્રવાસોમાં છે. નવા સ્થળો, નવા માણસો, નવી પરિસ્થિતિ, નવા અનુભવો, નવા વિચારો – જીવનમાં મળશે. એક ડાયરી હાથવગી રાખો. સ્થળની સંપૂર્ણ માહિતી મેળવીને પ્રવાસ કરો. કેટલાક મોબાઈલ મેનિયાથી પીડાતા લોકો, સ્થળને જોવાને કે આત્મસાત્ કરવાને બદલે ફોટા પાડવામાં વ્યસ્ત હોય છે

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.





અને પછી 'સેલ્ફી'ને ફેસબુક પર અપલોડ કરવામાં મસ્ત બની જાય છે. તેઓ લાઈક અને શેરની દુનિયામાં ખોવાઈ જાય છે અને સ્થળનું સૌંદર્ય ચૂકી જાય છે. તેનાથી બચો. આપણે લોકોને બતાવવા માટે પ્રવાસ કરવાનો નથી. આજકાલ તમારા ફેસબુક સ્ટેટસ પરથી જ ખબર પડે છે કે તમે ઘેર નથી, પ્રવાસ પર છો પછી ચોરને પોતાની કળા અને કસબ બતાવવાનો મોકો આપો છો.

૧૫) નોટી એટ સિક્સ્ટી. ક્યારેક જૂદું કરો. વિચિત્ર રીતે વર્તો પણ સાચવીને. જિંદગી તમારી છે. તમારે કોઈની પરમીશન લેવાની જરૂર નથી. કોઈને ગમે કે ન ગમે તે તેનો વિષય છે, તમારો નહીં.

૧૬) પરીક્ષાઓને બહુ મહત્ત્વ આપવું નહીં. આ લખનારની પેઢી પરીક્ષાઓમાં ખોવાઈ ગઈ. જુદો ચીલો ચાતર્યો જ નહીં. માસ્ટર બનો, પારંગત બનો નહીં તો મુશ્કેલી નક્કી છે. તમને જેમાં રસ હોય તેમાં અવ્વલ કક્ષાએ પહોંચો.

૧૭) પોતાની ભૂલ ન હોય તો સત્ય અને ન્યાય ખાતર લડવું. પોતાની ભૂલ હોય તો જાહેરમાં કબૂલ કરવી. જાતને સુધારવાના પ્રયત્નોમાં મોડુ કરવું નહીં. પોતાનાથી નાનું કામ કરનારા કે નોકરી કરનાર લોકો સાથે તોછડાઈથી વાત ન કરો. કામ નાનું છે, માણસ નહીં તે યાદ રાખો.

૧૮) પૂછવામાં શરમાવું નહીં, શીખવામાં ગભરાવું નહીં અને સાહસમાં ખચકાવું નહીં–આ સૂત્ર યાદ રાખો. પરિસ્થિતિ જેટલી અઘરી હશે એટલો જ એમાંથી સફળ બનીને બહાર આવવાનો માર્ગ મોકળો થશે.

૧૯) આપણો દેશ ઉપદેશપ્રધાન અને સલાહપ્રધાન છે. કોઈને બોર ન કરવા એ પણ સમાજસેવા છે. તમારી આત્મકથા સાંભળવામાં કોઈને રસ નથી. દરેક પ્રશ્ન માટે સરકાર જવાબદાર છે તે ભ્રમમાંથી તાત્કાલિક બહાર નીકળવું એ તબિયત માટે ઉપકારક બની રહે છે.

૨૦) વધારે પડતો આદર્શવાદ જીવનને બરબાદ કરે છે. ચાણક્ય કહે છે – સીધું ઝાડ પહેલાં કપાય છે. પોઝીટીવીટીનો અતિરેક ડાયાબિટીસથી પણ ખતરનાક છે. આશાવાદી રહેવું, પણ આવડત અને અક્કલ કેળવીને. ટીકા કે વખાણ પર્સન કરતાં પરફોર્મન્સ બેઈઝ રાખવા.

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

૨૧) પૈસા બહુ જરૂરી છે. 'હું તો પૈસાને બહુ મહત્ત્વ આપતો નથી, પૈસા નકામા છે.' એવા માણસોથી દૂર રહેવામાં ભલાઈ છે. ખૂબ કમાઓ, પણ મહેનત કરીને. પૈસા કમાવા માટે ખોટા રસ્તા છોડી દો. તમારી કળા કે આવડતને નાણામાં ફેરવો. પણ પૈસો લક્ષ્ય નથી, સાધન છે તે ધ્યાનમાં રાખો. પૈસાને માથામાં નહીં, ગજવામાં રાખો. નાના નાના હિસાબોમાં શક્તિનો ખર્ચ ન કરો. પૈસા વાપરો એટલે કે શ્રેષ્ઠ રીતે ઉપયોગ કરો. તમે ખર્ચેલા નાણા જ તમારા છે, તમે બચાવેલા પૈસા પારકાનાં છે. માટે પારકો ખર્ચે એ પહેલાં જીવતે જીવ સારા કાર્યમાં ખર્ચતા શીખો.

૨૨) નિષ્ઠા, પ્રામાણિકતા, ફરજપરસ્તી, જવાબદારી, સ્વમાન જેવા ગુણો કેળવો. નિષ્ઠા અને પ્રામાણિકતાને પ્રાધાન્ય આપવાથી પાછળની જિંદગીમાં એક અજબ પ્રકારનો આત્મસંતોષ જોવા મળતો હોય છે, જે દરેકના નસીબમાં હોતો નથી.

૨૩) પૃથ્વી પર તમે એકલા નથી. રસ્તા આપણા પિતાશ્રીના નથી. વાહનને શિસ્તબધ્ધ ચલાવો. તમારી મર્સીડીઝ તમને મુબારક. દુનિયાને તેની સાથે લેવાદેવા નથી. ક્યારેય ગરીબ બાળકો કે કંગાળ વૃદ્ધ વડીલોનું અપમાન ન કરો. શક્ય હોય તો, તમારા જન્મદિવસે તેઓને ચોકલેટ કે ફ્રૂટ આપો. તેઓને આનંદ કરાવો. છાપાંની પ્રેસનોટ કે ફેસબુકમાં અપલોડ કરવા માટે આ સેવા નથી. સમાજમાં સંવેદનશીલતા વધે તો સમાજ સ્વસ્થ રહે છે.

૨૪) નાના બાળકોને રમાડવાનો એક પણ મોકો જતો ન કરો. એ રીતે તમારા બાળપણનો અનુભવ કરો. નિર્દોષતાને પાછી આણવાનો આ એક અવસર છે.

૨૫) દીકરીઓને ભરપૂર પ્રેમ કરો. દીકરી એ ઈશ્વરે આપેલી અણમોલ ભેટ છે. એ તમારા જીવનમાં સુખ છલકાવવા આવી છે. એના પર બળપ્રયોગ કદાપિ ન કરવો. દીકરીને મુક્તિ આપો પણ એક હદથી વધુ નહીં. તેના નિર્ણયને ભરોસે ઊંધુ ઘાલીને ચાલવું નહીં. પણ સ્ત્રીને અમુક સમજણ ઈશ્વરે જુદી આપી છે તે યાદ રાખો.

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.



દીપોત્સવી અંક

૨૬) તમારા મમ્મી–પપ્પાને સાચવો. એનાથી વધુ પુણ્યનું કામ કોઈ નથી, કોઈ મોટો ધર્મ નથી. હા, પણ તેઓ તમારી લાઈફમાં બહુ કચકચ ન કરે અથવા કોઈ નિર્ણયમાં ટેકો આપે એ જરૂરી છે.

૨૭) નવું જાણો, નવું શીખવા તત્પર રહો. શીખવા માટે કોઈ ઉંમર મોટી નથી. જિજ્ઞાસાવૃત્તિ કેળવો. તેમાં આનંદ, રોમાંચ, ઉમંગ બધું જ છે. તેને બરકરાર રાખો. મોજથી જીવો. સુખ નાની નાની વાતોમાં સમાયેલું છે તે યાદ રાખો.

૨૮) પરિવર્તનને અપનાવો. દર દસ વર્ષે પેઢી બદલાઈ જતી હોય છે. વિચારો, પરિસ્થિતિ, સમાજ બદલાતો હોય છે. નવા ટ્રેન્ડને વખાણો. તમને નથી ગમતું અથવા તેની સાથે એડજસ્ટ નથી થતાં એટલે ખરાબ છે તે ખ્યાલ છોડી દો. પારદર્શક નવી પેઢીના વિચારો અપનાવો અને જૂની પેઢીના આઉટડેટેડ વિચારોને ત્યજી દો.

૨૯) પ્રેમ વ્યક્ત કરવો પણ બહુ પ્રેમ કરવાથી સામે પહોંચે જ એ જરૂરી નથી. બહુ પ્રેમ કરવાથી પ્રેમ વળતો પણ મળે એની ગેરન્ટી નથી હોતી. પ્રેમ સમજાવટ કે દલીલોથી પેદા કરી શકાતો નથી, એ તમારા વાણીવર્તનના રીસ્પોન્સ રૂપે પ્રગટે છે.

૩૦) પ્રેમ અને મૃત્યુ – આ બેની અનિશ્ચિતતા માણસને કોઈપણ નિષ્ફળતા કરતાં વધુ પજવે છે. બંનેની ચાવી ઈશ્વરે પોતાના હાથમાં રાખી છે. કદાચ માણસ એટલે જ આસ્થાવાન બનતો હશે. કર્મોને જાતે જ તપાસતાં રહેવું એ પણ ભક્તિ છે. જીવનમાં કશુ ખરાબ થાય તો તે પણ ઉપરવાળાની લીલા છે એમ સમજવું. કર્મમાં જીવ રેડી દેવો પણ એથી વધુ કર્તાભાવ ન રાખવો. ક્યારેક ગમતી વસ્તુથી ડીટેચ્ડ થવા માટે જાતને કેળવો. આધ્યાત્મિક ઉન્નતિ માટે તે જરૂરી છે. જિંદગીનું સુકાન હરિને હાથ સોંપી દીધા પછી નિશ્ચિંત થઈ જવું.

જીવન આ બધા જ સૂત્રોનું બેલેન્સ છે. આ બધાં જ જીવનસૂત્રો – લાઈફ ફંડા જાહેરમાં વ્યક્ત ન કરવા અને પારકા સૂત્રો પર પોતાના જીવનનું આયોજન ન કરવું એ પણ જરૂરી છે, સૌ જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન..

**– હિમાંશુ શાહ**

**અમદાવાદ**

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

# સ્પર્શ



સૂરજ ક્ષિતિજમાં સંતાવવાની તૈયારીમાં હતો ને અંધકારના ઓળા પૃથ્વી ઉપર આવવાની ઊતાવળમાં હતા. મંદ મંદ સમીર વાતાવરણને વધુ આહ્લાદક બનાવતો હતો. શોભાના વાળની લટ વારંવાર કપાળ ઉપર આવી જતી હતી.

'બેટી, દાદાજી તને ગમતા નાટક 'પરિવેશ'ની ટિકિટ લાવ્યા છે. આજે તારો કોઈ કાર્યક્રમ તો નથી ને ?' શોભાએ રસોડામાંથી પુરી તળતાં તેની દીકરી કવિતાને સ્હેજ આનંદના લહેકામાં પૂછ્યું.

'સોરી મમ્મી ! આજે મને ફાવે એવું નથી. સરિતાને ઘેર મારે નોટ્સ લેવા જવાનું છે.' કવિતાએ શુષ્ક જવાબ આપ્યો.

શોભાને એક ક્ષણ માટે પોતાના કાન ઉપર વિશ્વાસ ન પડ્યો. કવિતાને ગમતું નાટક ને એ પણ દાદાજી સાથે !!! 'અરે બેટા, દાદાજી સાથે... '

'મમ્મી મેં કહ્યું ને ! સોરી !!' કવિતાએ સ્હેજ ગુસ્સામાં ને કંટાળાજનક સ્વરમાં જવાબ આપ્યો.

'ઓ કે બાબા... ઓકે ! તું દાદાજીને કહી આવજે' શોભાએ કહ્યું. 'મમ્મી મને ટાઇમ નથી. તું જ કહી દેજે !' કવિતાએ ફરી એ જ કંટાળામિશ્રિત અવાજમાં કહ્યું.

શોભાને આજે નવાઈ લાગતી હતી. દિપેનની આ શહેરમાં બદલી થઈ ત્યારે કવિતા ચાર વર્ષની હતી. જોતજોતામાં અગિયાર વર્ષ વીતી ગયા અને કવિતાએ પંદર વર્ષ પૂરા કર્યા હતા. તેઓ આ ફલેટમાં રહેવા આવ્યા, ત્યારે ફલેટમાં કોઈ જ ઓળખતું ન હતું. બાજુમાં સાઠ વર્ષના સરલાબેન અને બાસઠ વર્ષનાં દિનેશભાઈ રહેતા હતા, જેમને ફલેટના અને આજુબાજુના બાળકો દિનુકાકા કહેતા હતા. તેમના બંને સંતાનો પરદેશ રહેતા હતા તેઓ એકલા જ રહેતા હતા. શોભાને નવા ઘરની ગોઠવણી, બહારથી વસ્તુ લાવવાની એ ઉપરાંત કવિતાની, એમ અનેક જવાબદારીઓ હતી. દિપેન તો નોકરી ઉપર સવારે નીકળી જાય તો છેક રાત્રે આઠ–નવ વાગે આવે.

પણ કવિતાની તમામ જવાબદારી સરલાબેન તથા દિનેશભાઈએ ઉપાડી લીધી હતી. એટલે સુધી કે શાળામાં મૂકવા અનેક પ્રયત્નો કરીને એડમીશન મેળવી લીધું હતું. શાળાએ લેવા–મૂકવાની જવાબદારી પણ તેમણે સ્વેચ્છાએ સ્વીકારી લીધી. સરલાબેન

સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ





સવારે કવિતાને તૈયાર કરે, દિનેશભાઈ મૂકી પણ આવે. શાળા છૂટવાનો સમય થાય, ત્યારે દિનેશભાઈ શાળાના ઝાંપે અચૂક ઊભા હોય. જાણે કવિતા તેમની જ દીકરી હોય, તેમ એ બંને કવિતામય બની ગયા.

કવિતા પણ દિનેશભાઈ સાથે એટલી હળીમળી ગઈ કે દિનુદાદા–દિનુદાદા કહેતાં તેમને વીંટળાઈ વળતી. ઘડીક દિનુદાદાને ન જુએ તો રડારોળ કરી મૂકતી. પોતાના મમ્મી પપ્પા કરતાં દિનુદાદાની માયા તેને વધારે થઈ ગઈ હતી તો દિનુદાદા પણ કવિતાથી એવા હેવાયા થઈ ગયા હતા, કે આઠ વર્ષની કવિતાને ટાઈફોઈડ થયો હતો ત્યારે રાત–દિવસ જોયા વગર ખડે પગે તેની ચાકરી કરી હતી. 'શોભા બેટા ! તમે સૂઈ જાવ. હું બેઠો છું ને તેનો દાદો !! અને દિપેનભાઈને કહેજો કે કવિતાની જરાય ચિંતા ન કરે. ઉપરવાળો બધાય સારાવાનાં કરશે' કહેતા તેમની આંખોમાંથી અશ્રુઓ સરી પડ્યાં હતાં. એક મહિને કવિતા સંપૂર્ણ સાજી થઈ, ત્યારે શોભાના પરિવાર સાથે જઈને અંબાજીના દર્શન કરીને બાધા પૂરી કરી.

પરંતુ બીજે વર્ષે દિનુદાદાના પત્ની સરલાબેનનું ટૂંકી માંદગીમાં અવસાન થયું, ત્યારે તે ખૂબ ભાંગી પડ્યાં. પણ તેમનો સહારો હતો કવિતા. કવિતાને શાળાએથી આવતાં સહેજ મોડું થાય તો ફલેટના દરવાજા પાસે તેની રાહ જોતાં ઊભા રહી જાય. કવિતા ધીમે ધીમે મોટી થતી ગઈ અને ભણતરનો ભાર વધતો ગયો. સાથે સાથે દિનુદાદાની ઉમર પણ વધતી ગઈ. સિત્તેરે પહોંચેલા દાદા હવે કવિતાની ચિંતા કરતાં, તો કવિતા અકળાઈ જતી. કહેતી 'દાદા, હવે હું નાની નથી. હવે મારે ભણવામાં સમય વધારે આપવો પડે છે. ટ્યુશન, ક્લાસ, અન્ય પ્રવૃત્તિ એ બધામાંથી મને સમય જ નથી મળતો !' છતાં પણ દાદાનું મન રાખવા ક્યારેક તેમને ઘેર આંટો મારી આવતી.

શોભાએ નોંધ્યું કે છેલ્લા થોડા સમયથી કવિતા દાદાને ઘેર જવાનું ટાળે છે. તેમની સાથે બહાર જવાનું ટાળે છે અને આજે તો તેને ગમતા નાટક જોવાની પણ ના પાડી દીધી. કવિતાને થયું છે શું ? શોભા માટે આ બાબત કોઈ મોટા આશ્ચર્યથી ઓછી ન હતી. વિચારોના વંટોળમાંથી શોભા બહાર આવી ત્યારે જોયું કે દિપેનના આવવાનો સમય થઈ ગયો હતો. તેણે વિચાર્યું, રાત્રે પરવારીને કવિતા સાથે વાત કરીશ. દિપેનના આવ્યા બાદ જમી–પરવારીને શોભા વાત્સલ્યસભરસ્મિત સાથે કવિતા સાથે બેઠી. વાતની શરૂઆત ક્યાંથી કરવી, એ વિચાર કરતી હતી ત્યાં જ દિનુદાદાનું આગમન થયું.

'કવિતા જો ! આ બે ટિકિટ લાવ્યો છું. ઝટપટ તૈયાર થઈ જા !' દિનુદાદાએ કહ્યું.

'દાદા, આજે તેની તબિયત ઠીક નથી.' શોભાએ જ જવાબ આપ્યો. 'આજે એ

સ્વ. પ્રભાવતી બહેન શ્યામલાલ પરીખના જય શ્રી કૃષ્ણ.–હ. દેવીબેન પરીખ

નહીં આવે.' અને દાદા નિરાશ વદને ચાલ્યા ગયા.

'કવિતા ! મારી વ્હાલી દીકરી ! મારા હૈયાનો ટુકડો, તને થયું છે શું બેટા ? હું ઘણાં દિવસોથી તારું વર્તન જોઈ રહી છું. તું કોઈને કોઈ કારણ કાઢીને દાદાને ટાળવા પ્રયત્ન કરે છે ! તને શું થયું છે, મારી દીકરી ? મને નહીં કહે ? તારી વહાલસોયી મમ્મીને નહીં કહે ?' કવિતાના સુંવાળા વાળમાં હાથ પ્રસવારતાં શોભાએ વ્હાલ વરસાવતાં પ્રશ્ન કર્યો.

'મમ્મી...મમ્મી...' કવિતાને ડૂમો ભરાઈ આવ્યો. એ આગળ બોલી ન શકી.

'બોલ બેટા, બોલ !' શોભાએ વ્હાલ વરસાવતાં કહ્યું.

'મમ્મી...! હવે હું દાદા સાથે નહીં જાઉં !! રૂંધાયેલા સ્વરે કવિતાએ પ્રત્યુત્તર આપ્યો. મને...મને... હવે નથી ગમતું મમ્મી !!'

'શું વાત છે મારી વ્હાલી દીકરી ? કઈ વાતથી મુંઝાય છે બેટા ? જે હોય તે મને સ્પષ્ટ પણે કહે.

'મમ્મી....મમ્મી, દાદાનો સ્પર્શ હવે બદલાઈ ગયો છે. મને અજુગતું લાગે છે. મને હવે દાદા સાથે જવું નથી ગમતું.' બોલતાં બોલતાં કવિતાએ રોકી રાખેલો અશ્રુઓનો ધોધ છુટી ગયો. 'પ્લીઝ મમ્મી, મને હવે કોઈ બાબતમાં ફોર્સ ન કરતી.' કવિતાએ રોકી રાખેલું રૂદન ધ્રુસકામાં ફેરવાઈ ગયું હતું.

શોભાએ કવિતાને કપાળમાં વ્હાલથી ચુંબન કર્યું અને સ્નેહથી પોતાની છાતી સરસી દબાવી દીધી. 'ભલે મારી દીકરી ભલે ! હું જ તને નહીં મોકલું.' ને તેણે કવિતાને તેના બેડરૂમમાં સૂવડાવી, પ્રેમથી તેના કેશમાં હાથ પ્રસવારતી રહી.

શોભા વિચારતી હતી, ઈશ્વરે સ્ત્રીઓને આ એક ગહનશક્તિ આપી છે. કોઈ પણ વ્યક્તિના સ્પર્શ માત્રથી તેનો ઈરાદો – બદઈરાદો તે ક્ષણમાં પારખી લે છે. મારી કવિતા પણ હવે મોટી થઈ ગઈ છે, પંદર વર્ષની ! તેનામાં પણ પરમાત્માએ અર્પેલી સ્પર્શેન્દ્રિય શક્તિ આવી ગઈ છે ને તે પણ હવે કોઈના પણ સ્પર્શને પારખતી અનુભવતી થઈ ગઈ છે.

શોભાના મનમાં વિચારોના વમળ ઘૂમરાતાં રહયા, કવિતાના સુંવાળા કેશમાં હાથ પ્રસવારતાં તે ક્યારે કવિતાની બાજુમાં નિંદ્રાદેવીને આધિન થઈ ગઈ તેનો તેને ખ્યાલ જ ન રહ્યો. *

– **ઉદય શાહ**
**અમદાવાદ**

* બહેનો અને દીકરીઓને સમર્પિત ...

સ્વ. મનુભાઈ શ્યામલાલ પરીખ પરિવારના જય શ્રી કૃષ્ણ.





# લાઈફ ક્યાંની સારી? યુએસની કે ઇન્ડિયાની?



વિદેશી મહેમાન આવે કે તેમની સાથે આ ચર્ચા જરૂર થાય. લાઈફ ક્યાંની સારી ? – યુએસની કે ઇન્ડિયાની.

અહીં માણસોનું સુખ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ મળી રહે. 'ત્યાં' ભણવાનું સહેલું (??!!) અને સડક પાણી બિજલીની સગવડ સ્વર્ગ સરીખી એટલે સુધી આવીને વાત અટકી જાય.

પરંતુ ઇન્ડિયામાં જે પાંચ પરમસુખ છે તે નકારાય તેવાં નથી. તેમાંનું એક ઈશ્વરદત્ત 'વરદાન' છે અને બીજી ચાર છે મૂળભૂત 'સ્વતંત્રતાઓ' – આ પાંચ મળીને સુખનું એવું વર્તુળ રચાય છે કે એની તોલે બાકી દુનિયાની ચમક ઝાંખી પડી જાય છે. જરા વિસ્તારથી જોઈએ....

સ્વતંત્ર નં. ૧ : સારવારની પદ્ધતિ અને દવા જાતે નક્કી કરવાની સ્વતંત્રતા

'ત્યાં' (મેડિકલ વીમો લીધેલો હોય કે ન હોય) માંદા પડીને દવાખાને જવાની એક સરકારનિશ્ચિત પદ્ધતિ છે. એલોપથી એક માત્ર માન્ય સારવારની રીત છે. દાક્તરો તરફથી અને દવાખાના તરફથી ખૂબ શરતો અને નિયમો પાળવા પડે છે. હોસ્પિટલોને માત્ર માંદા શરીર સાથે નિસ્બત હોય છે. સૌને દૃઢપણે એક સરખી સારવાર અને એક સરખી દવા આપવામાં આવે છે.

ત્યાં ડૉક્ટરને એવું કહેવાતું નથી કે, "ડૉક્ટર સાહેબ, મને શરદીનો કોઠો છે. તેથી તમે કહ્યું છે તે પ્રમાણે મને દિવસમાં બે કેળા ખાવાનું નહીં ફાવે." એવી કબૂલાત નથી કરી શકાતી કે, "તમારી આપેલી દવાથી મને પિત્ત બહુ થઈ ગયું એટલે મેં અધવચ્ચેથી દવા લેવાનું બંધ કરી દીધું." એવી વિનંતી પણ નથી કરી શકાતી કે, "રમઝાન છે અને રોજા રાખવા છે, તો દવાનો સમય એ પ્રમાણે ગોઠવી આપો કે રોઝા રાખવામાં નડતરરૂપ ન બને."

તમને ભલે એલોપેથીમાં શ્રદ્ધા ન હોય, શરીર ભલે તમારું હોય, પણ માંદુ પડે તો સારવાર સરકારે/દાક્તરોની જમાતે નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે જ થાય. માંદા શરીર પરનો હક જતો કરો તો જ સારવાર શક્ય બને. દાક્તરો બધા જ શરીરને એક સરખા – યંત્ર સમાન ગણીને તેમના પુસ્તકમાં લખી હોય તે પ્રમાણે સારવાર કરે. "મારી પ્રકૃતિ

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

ભિન્ન છે. તેથી મારા માટે થોડું બદલી આપો." એવું કહેવાની ત્યાં છૂટ નથી.

દવાની દુકાન પર જઈને જૂનું પતું બતાવીને ફરી એની એ દવા ખરીદીને સ્વયં-સારવાર નથી કરી શકાતી. એલોપથીની સારવાર અધવચ્ચેથી પડતી મૂકીને પંચકર્મ કે શિરોધારા નથી અજમાવી શકાતું. જો પંચકર્મ કે શિરોધારાથી સારું ના થયું અને પાછા એલોપથી તરફ વળવાનાં પ્રયત્નો કર્યા તો ડૉક્ટર જવાબદારી લેવા તૈયાર નથી થતા.

'અહીં' એકવાર સારવારની પદ્ધતિ સાથે બીજીનો તાલમેલ દર્દી સહેલાઈથી ગોઠવી લે છે. ત્યાં (ઍલોપથીથી ફર્ક ન પડે તો) યુનાની સારવાર પ્રમાણે કબૂતરનાં લોહી થકી લકવો મટાડવાનાં પ્રયત્નો નથી કરી શકાતા.

નાના બાળકને શરદી થઈ હોય તો હોમિયોપેથી નથી અજમાવી શકાતી. પત્થરતોડ વેલના પાન થકી કિડનીની પથરી ઓગાળવાના પ્રયત્નો કરવા ત્યાં શક્ય નથી. ઔર તો ઔર સુવાવડી સ્ત્રી ને નવજાત બાળકને તેલમાલિશ કરીને તેમની તંદુરસ્તી બરકરાર રાખવામાં ઍલોપેથીનાં દાક્તરોને શ્રદ્ધા નથી હોતી. કોઈ વૈદ્યજી ગૂગળ કે સુદર્શન થકી તમને તમારી તંદુરસ્તી જાળવવામાં મદદ નથી કરી શકતા.

એક વાર એવું પ્રસ્થાપિત થયું કે, તમારું શરીર બરાબર ઇન્સ્યુલિન નથી બનાવતું કે બરાબર રક્તચાપ નિયંત્રણ નથી કરી શકતું તો પતી ગઈ વાત. એલોપથી પાસે કાયમી ઉપાય નથી અને બીજા પ્રયોગો કરવાની તમને છૂટ નથી.

શરીર આપણું, પણ માંદું પડે તો સરકાર નક્કી કરે તેટલી જ સારવાર શક્ય બને ! એવી ગુલામી અહીં નથી. માંદું હોય કે તંદુરસ્ત આપણા શરીર પર આપણો અબાધિત અધિકાર છે. પોતાની જાત માટે ચિકિત્સાની પદ્ધતિ નક્કી કરવાની જે સ્વતંત્રતા ઇન્ડિયામાં છે તે અમેરિકામાં નથી.

સ્વતંત્રતા નં. ૨ : કૌટુંબિક જીવનની સ્વતંત્રતા જેવી કે કોઈ પણ ઉંમરે માબાપ સાથે રહેવાની અને પોતાના બાળકને પોતાના બેડરૂમમાં સુવાડવાની સ્વતંત્રતા.

ક) સાંભળ્યું છે કે ત્યાં અઢાર વર્ષના થાઓ તે પછી પણ માબાપ સાથે એક ઘરમાં રહો તો સમાજ ખૂબ કૂથલી કરે છે. અહીં તો અપરિણીત હો તો એવી અપેક્ષા રખાય છે કે, છેક સુધી માબાપ સાથે એક ઘરમાં રહો. પરણેલા છોકરા પાસે પણ અપેક્ષા તો એવી જ રખાય છે કે બન્ને પેઢી એક બીજાની જરૂરિયાતો સમજીને એક બીજાને મદદ કરીને સંયુક્ત કુટુંબમાં રહે તો વધુ સારું. જો કોઈ કારણસર વિભક્ત કુટુંબમાં રહો તો પણ માબાપની જવાબદારી તો ઉઠાવવી જ પડે.

શ્રીમતી ઈન્દુમતી કેશરીચંદ શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.-હ.કે.પી.શાહ





ત્યાં પચ્ચીસ વર્ષનો છોકરો માબાપના ઘરમાં રહે તો તેને નમાલો કહીને તિરસ્કૃત કરાય છે, તેનો લગભગ સામાજિક બહિષ્કાર જ કરી દેવાય છે ! વયસ્ક થયા પછી કુટુંબનો સહારો લીધો કે, તમારામાં આત્મવિશ્વાસનો અભાવ છે તેમ કહીને સમાજ તમને ધિક્કારે છે. સમાજની સ્વીકૃતિ પામવી હોય તો સમાજે બનાવેલા આવા અસાહજિક સમીકરણોને આધીન થઈને જ જીવવું પડે. નહીં તો સમાજ તમને સ્વીકારે નહીં.

ભારતમાં આ બાબતે સંપૂર્ણ સ્વતંત્રતા છે. માબાપની ઇચ્છાવિરુદ્ધ જઈને લગ્ન કર્યા હોય અને પછી છૂટાછેડા લીધા હોય તો પણ તમે પાછા બિન્દાસ માબાપ સાથે રહેવા જઈ શકો છો. ગમે તે ઉંમરે અને સજોડે-કજોડે કે અજોડે સંયુક્ત કુટુંબમાં રહેવું સર્વસ્વીકૃત બાબત ગણાય છે. તે બાબતે સમાજ તરફથી કોઈ કનડગત નથી.

(ખ) ત્યાં પતિ-પત્ની-પલંગની ત્રિવેણીનું જબરદસ્ત મહત્વ છે. પોતાના બે મહિનાનાં બાળકની હાજરી પણ બેડરૂમની આ ત્રિવેણીમાં નડતરરૂપ ગણવામાં આવે છે. બાળક રડે તો વારા પ્રમાણે પતિ કે પત્નીએ બાજુના રૂમમાં રડતાં બાળકને છાનું રાખીને તેને ત્યાં જ સુવાડીને પાછા પોતાના બેડરૂમમાં આવી જવાનું. પતિ-પત્ની પલંગના ત્રિવેણી સંગમને બાળકની હાજરીથી અભડાવવો નહીં. એવો સમાજસ્વીકૃત નિયમ છે. આટલું ઓછું હોય તેમ ત્યાંના બાળ-ઉછેરના નિષ્ણાત સામયિકો તો ત્યાં સુધી સલાહ આપે છે કે, બાળક રડે તો રડવા દેવાનું. તે અંતે થાકીને સૂઈ જશે. બાળક રડે કે તરત એને છાનું રાખવા દોડીને તમે પોતાની મહત્તા પ્રસ્થાપિત કરો છો ! બાળકને પાંગળું બનાવો છો.

આમ પોતાના માં-બાપથી મુક્ત થઈને આત્મનિર્ભર બનવાનાં અને નવજાત શિશુને તેના બેડરૂમમાં એકલા તરછોડીને તેને આત્મનિર્ભર બનાવવાનાં રિવાજો જલ્દી ગળે ઉતરે તેવા નથી. વળી, અમેરિકામાં ઇન્ડિયન રીતે કુટુંબજીવન જીવો તો સામાજિક બહિષ્કારની ભીતિ રહે છે.

પેઢી વચ્ચેની હૂંફ બરકરાર રાખીને સાહજિક રીતે કુટુંબજીવન જીવવાની જે સ્વતંત્રતા અહીં છે તે ત્યાં નથી.

સ્વતંત્રતા નં. ૩ બહેનોએ કમાવા ન જવાની સ્વતંત્રતા.

આ દેશની સ્ત્રીઓ વિમુક્ત છે. પપ્પા કે પતિના પૈસે આખી જિંદગી લહેરથી

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

જીવી જવાની આર્થિક સ્વતંત્રતા(?) તેમની પાસે છે. બાપ ક્યારેય દીકરીને એમ નથી કહેતો કે, “તારા પૈસા તું જાતે કમા. હું નહીં આપું.” પતિ ઇચ્છે છે કે છોકરાં નાના હોય ત્યારે પત્ની ઘરે રહીને તેમની સારસંભાળ રાખે. તે કહે છે કે, ઓછું હશે તો ઓછું વાપરીશું પણ બાળકને આયાને ભરોસે છોડીને કમાવા નીકળવાની જરૂર નથી. સ્ત્રીઓને પણ આ વ્યવસ્થા બરાબર કોઠે પડી ગઈ છે. (ભારતનાં સાત-આઠ મહાનગરોને બાદ કરતાં બાકીની) સ્ત્રીઓને આખી જિંદગીની શાંતિ હોમીને ફૂલગુલાબી કેરિયર બનાવવામાં કાંઈ ખાસ રસ નથી. ચાલીસ વર્ષે તો સૌ કમાતી-ન કમાતી સ્ત્રીઓને ઘરે બેસવાનું જ પસંદ પડે છે. વખત આવે વોલેન્ટરી રિટાયરમેન્ટ લેવા માટે સ્ત્રીઓ તત્પર હોય છે. શરૂઆતમાં ઉત્સાહભેર નોકરી કરતી સ્ત્રીઓ લગ્ન કે છોકરાને બહાને હાઉસવાઈફ બનાવામાં કાંઈ નાનમ નથી અનુભવતી. મન બહેલાવવા માટે પાર્ટટાઈમ પ્રવૃત્તિથી મોટા ભાગની બહેનો ખુશ છે.

ઉચ્ચ અભ્યાસ કરવા પાછળનો તર્ક પણ એવો છે કે, “વખત આવે” કોઈના ઓશિયાળા ન થવું પડે. ઉચ્ચ અભ્યાસ પણ ખરાબ વખતની તૈયારી સ્વરૂપે. સારા વખતમાં કમાવા નીકળવાની જરૂર એમને લાગતી નથી.

સ્ત્રીઓ માટે આવી જબરદસ્ત સ્વતંત્રતા પરદેશમાં જોવા મળતી નથી. ત્યાં તો બે છેડા સારી રીતે ભેગા કરવા માટે સ્ત્રીઓએ વય-નિવૃત્ત ન થાય ત્યાં સુધી કમાવા નીકળવું જ પડે છે. વળી, એવું માનવામાં આવે છે કે જાતે કમાતી સ્ત્રી જ ‘સ્વ’ને પિછાણે છે. આર્થિક રીતે બીજા પર આધાર રાખવાનો આવે તો ત્યાંની સ્ત્રીઓને identity crisis આવી જાય છે. અહીં જેવી પતિ કે પપ્પાને ભરોસે ઠંડે કલેજે જીવવાની સહુલિયત ત્યાં નથી.

- સ્વતંત્રતા નં. ૪ : શ્રદ્ધા રોપવાની સ્વતંત્રતા

દરેક વ્યક્તિને જીવવા માટે ક્યાંક તો એન્કર નાખવો જ પડે છે. કોઈ સહારો તો લેવો જ પડે છે. ક્યાંક તો શ્રદ્ધા રોપવી જ પડે છે. ભારતમાં તે બાબતે જબરદસ્ત મોકળાશ છે. જ્યાં પંદર વર્ષનો ભણેલો-ગણેલો છોકરો બિન્દાસ બાધા/માન્યતા/આખડી રાખે છે. ત્યાં તેનાં દાદા પણ પૂનમનાં પગપાળાં સંઘમાં જોડાઈને દુનિયાનાં દુ:ખ ભૂલી જાય છે. જિંદગીના તણાવનો સામનો કરવા અહીં વિવિધ દેવી દેવતાઓ, સંપ્રદાયો, પંથોનો સહારો સરળતાથી લઈ શકાય છે.

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.





આજે તમે બાબામાર્ગી છો, ને કાલે દેવીપંથી થઈ જાઓ તો કાઈ વાંધો નથી. આજે તમે શિવમાર્ગી છો, કાલે કૃષ્ણપંથી થઈ ગયા તો, નો પ્રોબ્લેમ. આજે આસ્તિક છો કાલે નાસ્તિક થઈ ગયા. ફાઈન, છૂટ છે. કાલે કર્મકાંડી બ્રાહ્મણ હતા આજે તત્વચિંતક બની ગયા. સકામ કર્મ તરફથી નિષ્કામ કર્મ તરફ વળી ગયા. ઓકે, બરાબર છે. એક ગુરુને જેલવાસ થયો તેમ છતાં તમે તમારી શ્રદ્ધા તેમનામાં ટકાવી રાખી. ઠીક તમારા પડોશીએ તેને ગુરુને ત્યજીને નવા ગુરુ સાધી લીધા. કાંઈ વાંધો નથી. તમારી શ્રદ્ધા તમને મુબારક. ભારતીય સમાજ તમારી શ્રદ્ધા બાબતે જજમેન્ટલ નથી. પાળિયામાં શ્રદ્ધા રાખો તો પણ ઠીક, નદીની પરિક્રમામાં શ્રદ્ધા રાખો તો પણ ચાલશે. પીપળાનાં ઝાડની પૂજા કરીને સ્ટ્રેસમુક્ત થાઓ તો પણ વાંધો નથી. દરગાહની બહાર દોરો બાંધીને જીવવાની હિમ્મત ટકાવી રાખો તો પણ ઘણી ખમ્મા.

આમ (પોતાને અનુકૂળ આવે તે રીતે) શ્રદ્ધા રોપવાની સગવડને લીધે હજી આપણે મનોચિકિસકોની ગુલામી વેઠવાનાં દહાડા નથી આવ્યા. પરદેશીઓ ભલે આને અંધશ્રદ્ધા કહેતાં. આપણે જાતે નક્કી કરવાનું છે કે આપણે દીવા-કંકુ-નારિયેળનાં સહારે જીવવું કે (સરકાર-માન્ય, અંગ્રેજીમાં બોલતા) મનોચિકિત્સાનાં આંગણે ધૂણી ધખાવવી.

પોતાનું મનોબળ પોતાની મેળે ટકાવી રાખવાની જે સ્વતંત્રતા ઈહલોકમાં છે તે વિદેશમાં નથી.

પાંચમા સ્થાને આવે છે, એક વરદાન.

આ દેશમાં ઋતુઓ નક્કી છે. ગરમીમાં ગરમી જ પડે. ચોમાસામાં વરસાદ જ પડે અને શિયાળામાં ઠંડી જ પડે. ત્યાં નથી એવા છાશવારે વારે વાવાઝોડા આવતાં કે તેમનાં નામ પાડવા બેસવું પડે. કે નથી વંટોળિયાં કે સમુદ્રી તોફાન-સુનામીનો ખાસ પ્રકોપ. તમારી ભૂગોળ પ્રમાણે આબોહવા નક્કી છે. અચાનક પલટાતા હવામાનનો સામનો કરવા ખાસ પ્રયોજન કરવાની જરૂર નથી પડતી. સૂર્યનારાયણની કૃપા બારેમાસ મોટા ભાગનાં દિવસનાં ગાળામાં રહે છે જ. તે પછી બીજું શું જોઈએ.

કુલ મિલા કે, અહીંનું પલડું ખાસ્સું નમેલું છે. લાઈફ (અને વાઈફ) તો ઇન્ડિયાની જ સારી. શું કહો છો ?

**– સૌરભ કૌટિયા**

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

# સંન્યાસી



'ગમે તે પરિસ્થિતિમાં પણ જે શાંત અને સ્વસ્થ રહી શકે તે સંસારમાં હોવા છતાં પણ સંન્યાસી જ છે.'

એક ધર્મપ્રેમી માણસના મનમાં બાળપણથી સંન્યાસી થવાના ભાવ હતા. ગત જન્મના સંસ્કારને કારણે અથવા વાતાવરણને કારણે તેના ભાવ ઉત્તરોત્તર પુષ્ટ થતા ગયા. તે માટે તેને હિમાલયમાં તીર્થસ્થળોની યાત્રા કરવા માટે વિચાર અવારનવાર આવ્યો કરતો. એક વખત અનુકૂળતા જોઈને તે હિમાલયની યાત્રાએ નીકળી પડ્યો. ત્યાં વિધવિધ તીર્થસ્થાનોની મુલાકાત લેતાં એક જગ્યાએ તેને ગુરુ મળી ગયા અને તેણે તેમની પાસે સંન્યાસી ધર્મની દીક્ષા લીધી.

હિમાલયની રળિયામણી ભૂમિ સ્વામીજીને પસંદ પડી ગઈ તેથી તેમણે ત્યાં જ કાયમી વસવાટ કરવા માટે નિર્ણય કર્યો. યોગાનુયોગ તેમને એક દેવસ્થાનની નજીકમાં નાની એવી જગ્યા મળી ગઈ અને ત્યાં તેમણે પોતાના નિવાસની વ્યવસ્થા કરી અને એ પ્રદેશના લોકો પ્રમેળ હતા તથા તેમને પણ સ્વામીજી અહીં રહે તે વાત પસંદ હતી. તેથી તેમણે પણ સ્વામીજીને ઠીક ઠીક મદદ કરી પછી ધીમે ધીમે આસપાસના લોકો તેમની પાસે ધર્મની વાતો સાંભળવા આવવા લાગ્યા. આમ તેમના અનુયાયીઓનો નાનકડો વર્ગ ઉભો થયો.

થોડા સમયમાં હરદ્વારમાં કુંભનો મેળો ભરાવવાની વાત આવી. બાર વર્ષે આવતો કુંભમેળો આ વખતે હતો તેથી દેશભરમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવશે. તેને અનુલક્ષીને હરદ્વારમાં મોટી તૈયારી થવા લાગી અને રોજ તેની ખબર આ નાકડા સ્થળે આવવા લાગી. આ વાત સાંભળીને ગામના લોકોને સ્વામીજીને સાથે રાખીને દર્શને જવાનો વિચાર આવ્યો, તેમણે સ્વામીજીને વાત કરી અને સાતે આવવા વિનંતી પણ કરી.

સ્વામીજી પણ કેટલાય વર્ષો હિમાલયનો આ પ્રદેશ છોડીને બીજે ક્યાંય ગયેલા નહિ તેથી તેમને પણ કુંભના દર્શને જવાનું મન થયું.

સ્વામીજીની સંમતિ મળતાં ગામના લોકો સંઘ કાઢવા માટેની તૈયારી કરવા લાગ્યા. વ્યવસ્થા કરવા કેટલાક અગ્રણી લોકોએ પહેલાં હરદ્વાર આવી બધું નક્કી કર્યું.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.





થોડા દિવસોમાં મહાકુંભના મેળાની શરૂઆત થઈ ગઈ. દેશભરમાંથી યાત્રાળુઓ હરદ્વાર આવવા લાગ્યા અને એક દિવસ આપણા આ સંન્યાસી તેમના નાના સંઘ સાથે હરદ્વાર પહોંચી ગયા તેમને રહેવા જમવાની વ્યવસ્થા પહેલેથી જ થઈ ગઈ હતી માટે તેમને ખાસ તકલીફ પડી નહિ, પણ ગંગાસ્નાન કરવા જતી વખતે ભીડમાં એક યાત્રાળુનો પગ સ્વામીજીના પગ ઉપર પડ્યો, પગ કચડાતાં સ્વામીજી ઘણા ગુસ્સે થઈ ગયા અને તેમણે પેલા મામસને ગળચીએથી ઝાલતાં કહ્યું કે તું ઓળખે છે મને ? હું કોણ છું ? મોટો સંન્યાસી છું. બાર વર્ષથી હિમાલયમાં તપસ્યા કરું છું. પળવારમાં ધારીશ તો તને હતો, ન હતો કરી નાખીશ.

પેલો માણસતો ગભરાઈ ગયો. નીચે નમીને સ્વામીજીની ક્ષમા માગવા લાગ્યો. એટલે સ્વામીજીએ તેને છોડ્યો આ બધું જોઈને સ્વામીજી સાથે આવેલા ગ્રામજનો વિમાસણમાં પડી ગયા. ત્યાં તો અચરજ થયું. સ્વામીજીએ સ્વયં નીચા નમીને પેલા માણસનાં પગ પકડી લેતા કહ્યું, તું તો મારો ઉપકારીર છે. બાર વર્ષમાં હું જે સિદ્ધ કરી શક્યો ન હતો, તે તારો પગ પડતાં મને અનાયાસે સિદ્ધ થઈ ગયું. સંન્યાસી થવા છતાં પણ મારા અંતરના ભાવો તો એવા ને એવા જ રહ્યા હતા જેનો મને આજે જ ખ્યાલ આવ્યો. હું મિથ્યાભિમાનમાં રાચતો હતો કે 'હું વૈરાગી છું.'

તાત્પર્ય એ છે કે સંસારમાં બધી અનુકૂળતા વચ્ચે તો સૌ સારા રહી શકે પણ પ્રતિકૂળતા વખતે જે સ્વસ્થ રહી શકે તે જ સાચો સંન્યાસી. માન મળે ત્યારે નમ્ર અને વિવેકી દેખાવું સહેલું છે પણ અપમાન કરનાર પ્રત્યે પણ દ્વેષભાવ ન થાય તેજ સાચો સ્થિતિપ્રજ્ઞ.

જંગલમાં વિકારનું કોઈ નિમિત્ત ન મળે ત્યાં સૌ સંન્યાસી, પણ જ્યાં વિષયોનાં અનેક નિમિત્તે હોય, પણ જે અવિકારી રહે તે જ ખરો બ્રહ્મચારી. વસ્ત્રોથી માણસને ઓળખી શકાય નહિ.

તેના વર્તનથી તેને પરખાય છે. સંસાર છોડીને હિમાલય ઉપર વસવાથી સંન્યાસી ન થવાય. સંન્યસ્ત અંદર ઉતરવું જોઈએ. જે રાગ–દ્વેષ રહિત ઉતરવું જોઈએ. જે રાગ–દ્વેષ રહિત હોય, જેને મન જય–પરાજય સમાન હોય, લાભ–હાનિને વખતે વિચલીત ન થાય અને ગમે તે પરિસ્થિતિમાં પણ જે શાંત અને સ્વસ્થ રહી શકે તે સંસારમાં હોવા છતાં પણ સંન્યાસી જ છે.

**– પ્રેરણાબેન કે. પરીખ**

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# Facebook
## લોકપ્રિય સોશિયલ નેટવર્કિંગ સાઈટ



બ્રાન્ડથી સુપરબ્રાન્ડ સુધીની સફરમાં આજે આપણે એક એવી કંપની વિષે માહિતી મેળવશું કે જે આજના જમાનામાં મનોરંજન માટેનું મોટામાં મોટું સાધન બની ગયું છે. જેનું નામ છે “Facebook”. Facebookએ દુનિયાની નંબર વન અને લોકપ્રિય સોશિયલસાઈટ છે. તો જાણીએ તેના વિશેની કેટલીક માહિતિ.

Facebook એ 21મી સદીની Most Favourable વેબ–સાઈટોમાંની એક છે. આજે બાળકો હોય કે વૃદ્ધો મોટાભાગના લોકો Facebook સાથે જોડાયેલા છે. Facebook દ્વારા ઘણાં લોકો–પોતાના સ્કૂલ–કોલેજના જમાનાના મિત્રોને શોધી શકે છે અને તેની સાથે ચેટિંગ, વિડિયો કોલિંગ કરી શકીએ છીએ.

પણ, આજ Facebook ને આજથી 15-17 વર્ષ પહેલા, જ્યારે 20 વર્ષના કોલેજમાં ભણતા એક છોકરાએ તેને શરૂ કરી હતી અને તે જ છોકરો આજે દુનિયાનો સહુથી નાની ઉંમરે બનેલો અબજોપતિ વ્યક્તિથી ઓળખાય છે. જેનું નામ છે. “Mark Zuckerberg” (જન્મ : 1984). 2004માં પોતાના મિત્રો સાથે Facebookની વેબસાઈટ ચાલુ કરી હતી અને 4 વર્ષમાં જ તે અબજોપતિ બની ગયા. ત્યારે તેમની ઉંમર માત્ર 24 વર્ષની જ હતી.

Mark Zuckerberg ને નાનપણથી જ કમ્પ્યુટરનો શોખ હતો. બીજા બાળકો કમ્પ્યુટર ગેમ્સ રમતા હતા ત્યારે Mark Zuckerberg ગેમ બનાવતા હતા. હાર્વર્ડમાં ભણતી વખતે તેમણે ફેસમેશ નામની વેબસાઈટ બનાવી જેમાં તેમણે બે છોકરા અને છોકરીઓના ફોટા મુક્યા. પછી તેમણે વેબસાઈટ ઉપર આવતા લોકોને વધારે આકર્ષક લાગતા ફોટાને વોટ આપવાનું કહ્યું. વિકએન્ડ પર શરૂ થયેલી આ વેબસાઈટની લોકપ્રિયતાથી હાર્વર્ડ સર્વર ઠપ્પ થઈ ગયું એટલે આ વેબસાઈટ બંધ કરી દેવામાં આવી. ત્યાર પછી Mark Zuckerbergની લોકપ્રિયતા વધી ગઈ. ત્રણ વિદ્યાર્થી મિત્રોએ Zuckerbergને હાર્વર્ડ કનેક્શન નામની વેબસાઈટ બનાવવા માટે કહ્યું, જેથી હાર્વર્ડના વિદ્યાર્થીઓ અંદરો અંદર વાતચીત કરી શકે. આ સાંભળીને Mark ના મનમાં એક વિચાર ઝબુક્યો શા માટે એક એવી વેબસાઈટ ન બનાવવી કે જેના ઉપર લોકો એકબીજા

ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.





સાથે સંવાદ સાધી શકે, પોતાના ફોટા, વિડિયો વગેરે પણ Upload/Share કરી શકે ? બસ આ જ વિચારે Facebookને જન્મ આપ્યો અને દુનિયાનો આખો નકશો બદલી નાખ્યો અને ત્યાર બાદ સોશિયલ નેટવર્કિંગ એટલી હદે વધી ગયું કે જેની કોઈ સીમા નથી, એક સમય એવો પણ આવ્યો જ્યારે Facebookનું ચલણ Down થઈ ગયું ત્યારે Mark Zuckerbergને એવું લાગ્યું કે જો હું આને નહીં રોકું તો Facebookની વેલ્યુ તો Mark Down થઈ જશે અને તેનો અંત પણ જલ્દી જ થઈ જશે અને તે છે Android Mobileની Most Favorable Apps “WHATSAPPS” કારણકે Android Mobile ને કારણે Whatapps એ Facebook કરતાં પણ ઝડપથી Famous થવા જઈ રહી હતી. પરંતુ Mark Zuckerberg એ 16 બિલ્યન ડોલરમાં Whatapps ને February, 2014માં ખરીદી લીધી જેમાં 4 બિલ્યન ડોલર રોકડા અને બાકીના 12 બિલ્યન ડોલરના Facebookના શેર્સ આપ્યા અને તેના Founder Jam Koum અને Brian Acton ને Facebook ના Board of Directors માં સ્થાન આપ્યું, જ્યારે એક સમય આ બંને લોકોએ Facebook માં Job કરવા માટેની Apply કરી હતી પરંતુ ત્યારે આ બંને લોકોને કોઈક કારણસર Reject કર્યા હતા અને ત્યારબાદ તેઓએ સાથે મળીને Whatapps નામની Appનું સર્જન કર્યું અને આજે તેઓનો તે જ Facebook ના Board of Directors માં સમાવેશ થઈ ગયાં છે. Whatapps Apps હવે પૂરેપૂરી Facebook ના Under માં આવી ગઈ છે. Whatsapps Apps ને 24 February, 2009 માં શરૂ કરવામાં આવી હતી અને તેમાં ફક્ત 50 કર્મચારીઓ જ કામ કરે છે. જ્યારે Facebook માં કુલ 25,105 જેટલા કર્મચારીઓ કામ કરે છે. Instagram, Whatsapp, Messenger, Oculus Vr, Tbh, Watch વગેરે. Facebookની પેટાં Products/Brand છે.

Zuckerberg એ ફક્ત બે અઠવાડિયામાં જ Facebookનું પ્રથમ Version બનાવ્યું અને 4 ફેબ્રુઆરી, 2004ના રોજ Facebook વેબસાઈટ શરૂ કરી દીધી. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે તે સમયે તેની પાસે વધારે પૈસા ન હતા અને તેઓ હાર્વર્ડના ડોરમેટરી રૂમમાં જ રહેતા હતા. તેમણે દર મહિને 85 ડોલરના ભાવે એક સર્વર ભાડે લીધું અને વેબસાઈટ શરૂ કરી. શરૂઆતમાં આ વેબસાઈટનો ઉપયોગ ફક્ત હાર્વર્ડના વિદ્યાર્થીઓ જ કરી શકતા હતા, પરંતુ પછીથી બીજી કોલેજના વિદ્યાર્થીઓને પણ તેનો ઉપયોગ કરવાની મંજુરી આપી દેવામાં આવી. પછી સ્કૂલના વિદ્યાર્થીઓને... અને ત્યારબાદ 13 વર્ષથી મોટી ઉંમરની દરેક વ્યક્તિને તેનો ઉપયોગ કરવાની મંજુરી આપી દેવામાં આવી અને હવે તો દરેક લોકો ફેસબુકનો ઉપયોગ કરી શકે છે. પહેલે જ વર્ષે તેના 10

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

અરમાન અમૃતાને લઈને ઘેર પાછો આવ્યો. પ્રતિમાબહેન અને પ્રશાંતભાઈ શાંતિથી બેઠા હતાં. આજે અરમાન – અમૃતાને હનીમુન પર જવાનું હતું. પ્રશાંતભાઈ અરમાનને જવા માટેની તૈયારીઓમાં મદદ કરતાં – ટીકીટો અને બુકીંગના પેપર્સ આપી તેના રૂમમાં તૈયારીઓ કરવા લાગી ગયા. અરમાન કશું બોલે તે પહેલા જ કહી દીધું – દીકરા હવે બધું બરાબર છે – હું અને તારી મમ્મી તમારા આવવાની રાહ જોઈશું – તમે આનંદથી જાવ. તૈયાર થઈ જાવ. સમય થઈ ગયો છે. લે – બેટા ચાલ ઊભો થા – બેટા અમૃતા અમારા આનંદ માટે પણ તમે આજે ખુશી ખુશી જાવ. બેટા અહીં બધુ બરાબર છે. કહેતા કહેતા જાણે તેમનો કંઠ રૂંધાયો – દિકરો પરિસ્થિતિ પામી ગયો. માતા – પિતાના આશિર્વાદ લઈ તેઓ એરપોર્ટ તરફ જવા નીકળ્યા.

હવે, અરમાનને જોબ પર હાજર થવાના માત્ર પાંચ જ દિવસ રહ્યાં હતાં. સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી. આ દિવસોમાં અરમાને અમૃતાનું ખૂબ ધ્યાન આપ્યું – એને લાગેલા દુ:ખનો ઘાવ રૂઝાવા માટે તેણે ઘણા પ્રયત્નો કર્યા અને પાછા ફર્યા ત્યારે બંને જણાએ માતા–પિતાને ખૂબ પ્રેમથી સાચવીશું – આપણે ખૂબ આનંદથી સાથે રહીશું અને ઘરને સ્વર્ગસમ બનાવવાના નિર્ધારથી સહજીવનની શરૂઆત કરી.

સમય વિતતો ગયો. અમૃતા – અરમાન માતા પિતા સાથે જ રહેતા. ડો. અમૃતા એક સફળ ગૃહિણી પણ બની. માતા–પિતાને માન આપવું – તેમનું ધ્યાન આપવું

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

– એટલું જ નહીં પણ તેમની એક એક ઈચ્છાને તેમણે સ્વેચ્છાએ આનંદથી સ્વીકારી. પણ ઘરની પરિસ્થિતિમાં ક્યાંક કશું ખૂટતું હતું – ક્યાંક કશું ખટકતું હતું. જોઈએ એટલી નિકટતા ન હતી. પ્રેમના મીઠા ઝરણાંમાં જાણે કંઈક ખારાશ ભળી ગઈ હતી. એનો વિષાદ દરેકના હૈયે સળગતો હતો.

આજે લગ્નને પાંચ વર્ષ પૂરા થયા. એના સરૈવાયાની જો વાત કરું તો...

ઘરમાં ઉપરછલ્લો આનંદ હતો. પણ અંતરની નિકટતા નહતી. આજે પાંચ વર્ષે પણ પ્રતિમાબહેન અમૃતાને દીકરી તો શું? પુત્રવધુ તરીકે પણ સ્વીકારી શક્યા નહીં.

પ્રશાંતભાઈ પ્રતિમાબહેનના વર્તનથી ખૂબ નારાજ રહેવા લાગ્યા. જીવનમાં સર્વ રીતે સુખ હતું, બંગલો હતો, પૈસા હતા, મોટર–ગાડીઓ જે તેમના માટે સ્વપ્નવત હતી તેનો જાણે કાફલો હતો. પણ અંતરની ખુશી ન હોય તેનું શું ? તેઓ પત્ની અને પુત્રવધુના દુઃખે ખૂબ દુઃખી હતાં.

અરમાન... એની હાલત તો બે ઘરના પરોણા જેવી હતી. નથી તે માતાને સમજાવી શક્તો નથી તે પત્નીને ખુશ કરી શકતો. શ્રવણસમ પુત્ર બનવાનું સ્વપ્ન તેનું ક્યાંય રગદોળાય ગયું આટલા બધા પ્રયત્નો છતાં ન તો તે મમ્મીને ખુશી આટલા બધા પ્રયત્નો છતાં ન તો તે મમ્મીને ખુશી આપી શક્યો ન પોતે આનંદમાં રહી શક્યો. અમૃતા માટે અનન્ય પ્રેમ હોવા છતાં પણ...

જ્યારે અમૃતા ...... ? અમૃતા એક હરતી ફરતી પુતળી બની ગઈ. તેની પ્રેમસભર આંખો આજે પ્રશ્ન – સભર બની, હરવક્ત પૂછી રહી હતી... મારી શું ભૂલ.?

**– ગીતા રમેન્દ્ર પરીખ**

## શોખ

મારા દર્દને પાળું છું હું, શોખ છે મને
ને કેદ રાખું છું આસુંઓને, શોખ છે મને
જખમ મળે દુનિયા થકી તો, મારા જ દિલને પંપાળવાનો
શોખ છે મને, આશા નથી જગ થી જ
ચાહ મળે મુજને, ખુદને જ ચાહવાનો
શોખ છે મને, લાગણીઓને દિલમાં દબાવી
હસતે વદતે જગમાં ફરવાનો, શોખ છે મને

**– મધુસુદન શાહ**

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.





## ''ईमानदारी''



काले घने बादलो नें घेरा डाल रखा था। बीजली जोरों से चमक रही थी। बरसात आने के पूरे पूरे आसार नज़र आ रहे थे। सूरज और बादलों के बीच जैसे लुक्का-छुप्पी का खेल खेला जा रहा था। वैसे तो ऐसा नज़ारा पिछले आठ दिनों से था मगर, आज का दिन कुछ अलग सा ही प्रतीत हो रहा था, गोपालदासजी को। छोटे सेठजी ने अपने बंगले पर उन्हें युँ अचानक ही मिलने के लिए बुलवाया, ये बात वे हज़म ही नहीं कर पा रहे थे।

सोच-विचार में डूबे गोपालदासजी बंगले में दाखिल हुए। विलायती झुम्मर, राजस्थानी सोफासेट, कश्मीरी कालीन और बड़े सेठजी की सुनहरी फ्रेम वाली तसवीर दिवानखाने की शोभा बढ़ा रहे थे।

''छोटे सेठजी, क्या मैं अंदर आ सकता हुँ ?

''हा...हा... पधारिए पधारिए। आप ही का तो इंतज़ार हो रहा है।'' विवेकने व्यंग भरे स्वर में कहा।

बड़े सेठजी जब तक जीवित थे तब की बात ओर थी, तब वे गोपालदासजी को अपने व्यक्तिगत काम और नीजि विचार बतानें के लिए अक्सर बुलाते थे। लेकिन उनके गुजर जाने के बाद इन पाँच महिनों में पहेली बार विवेकने युँ अपने घर पर मिलने के लिए बुलवाया इसलिए वे आश्चर्य चकित होकर पूछ बैठे,''ऐसी क्या वजह है जिसके लिए आपने मुझे यहाँ बुलवाया है ?''

''बात की कुछ ऐसी है चा...चा...जी..., वैसे तो ये बात मैं आपको ओफिस के सब लोगों के बीच में भी कह सकता था लेकिन आपके बालों की सफेदी और मेरे पिताजी के आपके प्रति अंधे विश्वास के कारण ही मैंने आपको यहाँ बुलवाया है।'' कहते कहते विवेक का सूर बदलने लगा।

इतने में बड़ी सेठानीजी कमरें में दाखिल हो चूके थे। वही तेजस्वी मुखमुद्रा, बालो में बड़ा सा झुड़ा, गले में तुलसी की माला, सुना ललाट, सुनहरी किनारी वाली सफेद साड़ी और भीगी सी आँखे... सिर्फ आँखो के इशारों से गोपालदासजी का स्वागत करते हुए वे आरामकुर्सी में सहज कर बैठ गये।

''चाचाजी, ये सब क्या है ?'' नीले रंग की फाइल आगे करते हुए विवेक ने कहा।

''......................''

''देखिए चाचाजी, युँ चूप रहेने से कुछ नहीं होगा। पीछले पाँच महिनों से मैं देख रहा हुँ, जब से मेरे पिताजी का देहांत हुआ है तब से लेकर अब तक हर महिने की पहली तारीख को आपकी तनख्वाह

निरंजनाबહेन ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

के अलावा एक निश्चित राशि आपके खाते में डाली जाती है और उसी दिन विड्रो भी हो जाती है। भगवान के लिए आप मुझे बताने का कष्ट करेंगे कि, किसकी इजाज़त से ये सब हो रहा है ?? एन्ड प्लीझ... टेल मी ध टुथ...." विवेक ने फरमान करते हुए कहा।

गोपालदासजी को अंदेशा तो था ही कि, एक ना एक दिन तो ये बात साने आ ही जायेगी मगर... ये सब बड़ी सेठानीजी के सामने हुआ, इसलिए वे विचलित हो गये। उन्होंने विवशता से बड़ी सेठानीजी की ओर देखा। उनकी तेजोमय आँखो में उन्हें लाचारी स्पष्ट दिखाई दे रही थी। फिर भी सेठानीजी ने कलेजा मजबूत करके विवेक से कहा,

"बेटे, इस तरह तुम किस व्यक्ति के साथ बात कर रहे हो ये तुम्हे पता भी है ?? जिन पर तुम्हारे पिताजी सबसे ज्यादा विश्वास करते थे उनकी ईमानदारी पर तुम कैसे शक़ कर सकते हो ?

"माँ, ये बीझनेस की बातें है जो आपके पल्लें नहीं पड़ने वाली इसलिए, महेरबानी करके आप उपर चले जाईयूए। और रही इनकी ईमानदारी वाली बात, तो वह इन्हें खुद ही साबित करने दीजिए। अगर वे ऐसा न कर पाए तो... (गोपालदासजी की ओर देखते हुए) तो आपको इस्तीफ़ा देना पड़ेगा... गोट इट...??" गुस्सेमें लाल-पीले होकर विवेक ने कहा।

इस्तीफ़ा देने की बात सुनकर गोपालदासजी भौचक-सा रह गये। बड़ी सेठानीजी का तो दिल ही बैठ गया। घर का माहोल अचानक से तंग हो गया।

दुविधा में डूबे गोपालदासजी की नज़र बड़े सेठजी की तसवीर पर ठहर गई। उनकी आँखो में आँखे पिरोते ही उन्हें वह दिनकी याद आ गई, जब बड़े सेठजी ने अपने निधन के चार महिनें पूर्व इसी बंगले पर सेठानीजी और विवेक की गैरहाज़री मैं बुलवाया था।

"देखिए गोपालदासजी, मुझे ऐसा आभास हो रहा है जैसे मेरा सुरलोक सिधारने का समय आ गया है। इसलिए मेरे मन की बात मेरे मनमें ही न रह जाए और मेरे जाने के बाद आप ये ज़िम्मेदारी सही तरह से निभा सके इसलिए ये बात मैं आपको और सिर्फ आप ही को बताराहा हुँ क्योंकि, आपकी ईमानदारी पर मुझे खुद से भी ज्यादा विश्वास हैं। बात...." बाकी के शब्द खाँसी की आवाज़ में विलीन हो गये।

"कौन सी बात ? कौन सी ज़िम्मेदारी सेठजी ??" बोतल से दवाई निकालते हुए गोपालदासजी ने पूछा।

"देखि, बात कुछ ऐसी है कि.... विवेक के अलावा भी मेरी एक और संतान है... और इस बात का पता मुझे विवेक के इस दुनिया में आने के बाद ही चला कि, उसका एक बड़ा भाई भी है और जिसकी परवरिश अनाथालय में हो रही हैं। इसलिए कई बरसों से उसके पालनपोषण के लिए मैं एक निश्चित राशि वहाँ पहुँचा रहा हुँ। मेरी दिल्ली तमन्ना है कि, मेरे जाने के बाद भी यह सिलसिला युँ ही ज़ारी रहना चाहिए।

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.





आपकी ईमानदारी पर मुझे पूरा भरोसा है इसलिए ये काम आपको सोंपकर मैं चैन की साँस ले सकता हुँ। लेकिन आप मुझसे वादा कीजिए, यह बात केवल आप तक ही सीमित रहेगी इसके बारे में किसी को भनक भी नहीं लगने देंगे। वादा कीजिए वादा..."

बड़े सेठजी से किया हुआ वादा याद आते ही गोपालदासजी बड़ी ही संयत आवाज़ में बोले, "छोटे सेठजी, आप मेरे बारे में क्या सोच रहे है और क्या नहीं वह आपका व्यक्तिगत मामला है उसी तरह यह मेरा भी व्यक्तिगत मामला है। मैं अपीनी ईमानदारी के वचन से बंधा हुँ इसलिए इस विषय पर मैं कोई स्पष्टता आपको नहीं दे सकता। यदि आपको ऐसा लगा रहा है कि, मैने अपनी नौकरी पर बट्टा लगाया है तो मैं अपना इस्तीफा देने के लिए भी तैयार हुँ। और एक बात सेठजी, मेरी नौकरी रहे ना रहे पर... हंमेशा की तरह इतनी ही राशि हर महिने की पहली तारीख को मेरे खाते में जमा जरुर हो जायेगी... यह मेरा खुद से वादा है।"

गोपालदासजीने कृतकृत्य होकर कहा।

"ठीक है जैसी आपकी मर्ज़ी, आइ डोन्ट केर अबाउट इट। आज शाम तक आपका रेजीग्नेशन लेटर मुझे मिल जाना चाहिए।" रुखे शब्दों से अपनी माँ और गोपालदासजी का दिल कचोट कर विवेक बंगले के बाहर निकल गया।

"गोपालदासजी, आपने सही बात क्यों...."

"...सेठानीजी, अब तो यह बात मेरी चिता के साथ ही जायेगी। ठीक हैं, मैं चलता हुँ। आप अपनी सेहत का ख्याल रखना। अगर उपरवाले की दया होगी तो फिर कभी मिलेंगे इसी जनम में...।

बड़ी सेठानीजी गोपालदासजी की पीठ को ताकते रह गये। ईमानदारी का बोज अपने बूढे कंधो पर लाधकर जा रहे गोपालदासजी पर उनकी नज़रे जम गई और उनके आंतरमन से आवाज आई....

"गोपालदासजी, आपने तो अपनी ईमानदारी दिखाई भी और अच्छी तरह से उसे निभाई भी... लेकिन मैं अपनी ईमानदारी शायद कभी भी नहीं निभा पाउंगी और विवेक से कभी कह भी नहीं पाउंगी कि... तुम्हारे पिताजी के साथ शादी करने से पहले मुझसे जो गलती हो गई थी उसके कारण तुम्हारा एक बड़ा भाई भी इस दुनिया में है जिसे तुम्हारे पिताजी ने अपनी पूरी जिंदगी तक उसकी अपनी संतान की तरह ही ज़िम्मेदारी उठाई और अपने जाने के बाद गोपालदासजी को वह जिम्मेदारी निभाने के वचन में बाँधकर गये...!" उनका दिल कचोट गया और गला भर आया इसलिए सिसक-सिसक कर वे रो पड़ी और जैसे उनका साथ देने के लिए ही बादल भी अनराधार बरस पड़े।

**– आशा शाह**

**भुज**

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# नास्ति योग समम् बलं

(Treat your body in a Taoist way)



તમારી મોટામાં મોટી સંપત્તિ કઈ છે ? શું એ મોટો બંગલો છે ? કાર છે ? કે મુલ્યવાન ઘરેણા છે ? આનો ઉત્તર પ્રત્યેક વ્યક્તિએ ભિન્ન હોઈ શકે છે. આપણી પાસે કદાચ લાખોની મિલક્ત હોય પણ જો સ્વસ્થ શરીર અને શાંત મન ન હોય તો બધું વ્યર્થ પૂરવાર થાય છે. આ સત્ય સાર્વત્રિક રીતે સ્વીકૃત થયેલું છે. ભારતીય ઋષિઓની જેમ તાઓ યોગીઓ પણ આ સત્યને સ્વીકારે છે અને તેથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે એમણે એક અનોખી ચિકિત્સા પદ્ધતિ આપી છે.

સ્વસ્થ શરીર, મન તેમ જ ઇન્દ્રિયો સાથેનું દીર્ઘ આયુષ્ય એ લામાઓને માટે સહજ ઘટના છે. આનું રહસ્ય શું છે? લામાઓની જીવનશૈલીના અભ્યાસ પરથી એ જણાય છે કે ત્રણ નિયમોનું તેઓ જીવનપર્યંત જરૂર પાલન કરે છે. (૧) લાગણીઓના અતિરેકનો નિષેધ. એમની દૃષ્ટિએ આ સ્થિતિ શક્તિનો હ્રાસ કરનારી છે. ઉપરાંત શરીરના તંત્રોના કાર્યમાં અસમતુલા ઉત્પન્ન કરનારી છે. (૨) ઉતાવળ ન કરો. શાંતિ રાખો. ચિંતાને દૂર રાખો. (૩) દર રોજ શારીરિક તેમજ શ્વાસની કસરત કરો.

તાઓની ચિકિત્સાપદ્ધતિ શક્તિના સિધ્ધાંત પર આધારિત છે. આ શક્તિને તેઓ ચી કહે છે. જેને આપણે પ્રાણશક્તિ કહીએ છીએ તેને જ તેઓ ચી કહે છે. ચી કે પ્રાણશક્તિ એ આપણા અસ્તિત્વનો આધાર છે. જીવંત શરીરમાંથી પ્રાણશક્તિ નીકળી જાય તો વ્યક્તિ નિષ્પ્રાણ કે મૃત બની જાય છે. આપણા સ્થૂળ શરીરનો આધાર પ્રાણ શરીર છે. સ્થૂળ શરીરમાં ધમની અને શીરા દ્વારા લોહીનું ભ્રમણ થાય છે તેમ પ્રાણ શરીરમાં પ્રાણશક્તિનું વહન નાડીઓમાં થાય છે જેને તેઓ મેરિડિયનસ કહે છે.

તાઓ સિદ્ધાંત પ્રમાણે આપણા શારીરિક કે માનસિક કોઈપણ રોગનું મૂળ કારણ પ્રાણશરીરમાં નાડીઓમાં વહેતા પ્રાણમાં વિક્ષેપ પડવો તે છે. આ વિક્ષેપ પડવાનું કારણ શું છે? તાઓ માને છે કે જીવનમાં ચાર વસ્તુઓ જેટલી શુદ્ધ માત્રામાં મળે એટલું જ શરીર તેમજ મન સ્વસ્થ રહે. આ ચાર વસ્તુઓ કઈ છે ? હવા જે શ્વાસમાં જાય છે તે, ખોરાક દ્વારા જે ભોજન શરીરમાં જાય છે તે, તરસને તૃપ્ત કરવા જે પાણી શરીરમાં જાય છે તે અને અંતમાં મહત્વનું જે છે તે છે વિચારો અર્થાત્ હવા, ભોજન, પાણી તેમ જ વિચાર આ જેટલી માત્રામાં શુદ્ધ હોય તેટલા આપણે સ્વસ્થ રહી શકીએ છીએ. તાઓના મતે આ

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.





ચારેયમાં રહેલી અશુદ્ધિને જેને આધુનિક સમયમાં આપણે Toxins કહીએ છીએ, તે નાડીઓમાં વહેતી પ્રાણશક્તિના વહનમાં અવરોધ ઉભો કરે છે. આ અવરોધ રોગસ્વરૂપે બહાર આવે છે. આ અવરોધને જો દૂર કરવામાં આવે તો અર્થાત્ શરીરને જો detoxify કરવામાં આવે તો સ્વાસ્થ્ય સ્વાભાવિક રીતે ફલિત થાય છે.

વર્તમાન સમયમાં આ ચારમાંથી આપણને શું અને કેટલું શુદ્ધ મળે છે તેનો આપણને બધાને અનુભવ છે. આ ચારેયમાંથી કોઈના પર આપણું સીધું નિયંત્રણ નથી. આ સ્થિતિમાં રોગ થવો એકદમ સ્વાભાવિક છે. હવે પ્રશ્ન એ થાય છે કે આ અવરોધોને દૂર કેવી રીતે કરવા? અર્થાત્ શરીરને detoxify કેવી રીતે કરવું? પાંચ થી છ હજાર વર્ષો પૂર્વે જ્યારે આજના સમય જેવા કોઈ આધુનિક ઉપકરણો ન હતા ત્યારે તેમણે એમની દિવ્ય દૃષ્ટિથી એ નિશ્ચિત કર્યું કે, શરીરની અંદરના પાંચ અંગો ખૂબ જ મહત્વના છે. તેને તેઓ દેવતા તરીકે ઓળખે છે. આ પાંચ અંગોને જો વિષમુક્ત રાખી શકાય તો શરીર, મનથી સ્વસ્થ રહી શકાય.

શરીરની અંદરના જે પાંચ અંગો છે તે છે–ફેફસા, હૃદય, કીડની, લીવર તેમજ સ્પ્લીન. તાઓનાં મતે આ પાંચ અંગોનો બહારના પાંચ અંગો સાથે સીધો સંબંધ છે. જેમકે ફેફસાં–નાક, હૃદય–જીભ, કીડની–કાન, લીવર–આંખ, સ્પ્લીન–મ્હોં. તાઓ માને છે કે અંદરના અંગો સાથે આપણે સીધી રીતે કશું કરી શકતા નથી પણ જો બહારના અંગો સાથે કશુક કરવામાં આવે તો અંદરના અંગોને detoxify કરી શકાય છે.

હવે સવાલ એ છે કે બહારના અંગો સાથે શું કરીએ તો અંદરના અંગોમાં રહેલા વિષદ્રવ્યને દૂર કરી શકાય ? અગાઉ આપણે જોઈ ગયા તેમ તાઓ ચિકિત્સાપદ્ધતિ શક્તિના સિદ્ધાંત ઉપર આધારિત છે. તેમની દૃષ્ટિએ જો બાહ્ય અંગો ઉપર મસાજ કે ટેપિંગ કરવામાં આવે તો toxinsને કારણે જે પ્રાણ શક્તિ કે ચી મેરીડીયનસમાં blocked થઈ ગઈ છે તેને મુક્ત કરી શકાય અને તે દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય. હવે આપણે વિવિધ અંગો ઉપર મસાજ કેવી રીતે કરવું તે અંગે જોઈશું.

**મસાજ દ્વારા કાયાકલ્પ :**

તાઓ સિદ્ધાંત પ્રમાણે શરીરમાં વિષદ્રવ્ય (toxins) ભેગા થવાને કારણે પ્રાણ શરીરની નાડીઓનાં પ્રવાહમાં અવરોધ થાય છે જેની શરીર અને મન ઉપર નકારાત્મક અસર પડે છે. આ અવરોધને દૂર કરવા માટે બે માર્ગ છે, એક છે–મસાજ અને બીજો છે–ટેપિંગ. શરીરના અવયવો ઉપર મસાજ અને ટેપિંગ કરવાથી અવરોધોને દૂર કરી શકાય છે. જે પાણીની પાઈપમાં વચ્ચે કશુંક નડતું હોય તો ઉપરથી ટેપિંગ કરવાથી કચરો આગળ ખસી જાય છે તેમ અંગો ઉપર અલગ અલગ પ્રકારે ટેપિંગ કરવાથી

સ્વ. ગુણવંતીબહેન રસિકલાલ પરીખ (કડી) ના જય શ્રી કૃષ્ણ.

માર્ગને શુદ્ધ કરી શકાય છે.

તાઓ ચિકિત્સાપદ્ધતિમાં શરીરના બધા અંગો માટે મસાજની ક્રિયા છે પણ આપણે અત્રે મુખ્ય પાંચ અંગોનો નિર્દેશ કરીશું. મસાજ કરવાની પૂર્વે મહત્વની ક્રિયા છે, હથેળીનું ઘર્ષણ(Rubbing of the palms). તાઓના મતપ્રમાણે પ્રાણશક્તિ કે ચી જે મેરેડિયનસ દ્વારા વહન કરે છે તે મુખ્યત્વે હાથની હથેળીમાંથી પસાર થાય છે. હથેળીના ઘર્ષણ દ્વારા મેરેડિયનમસમાંના શક્તિના પ્રવાહને ઉત્તેજિત કરી શકાય છે. કેવળ ઘર્ષણની ક્રિયા પણ શરીરને ઘણો ફાયદો કરે છે. હથેળીનું ઘર્ષણ કેવી રીતે કરવું તે જોઈએ.

**ક્રિયા :** બન્ને હથેળીને ભેગી કરી નાભિ સામે રાખી ઘર્ષણ કરવું. હથેળીની ગતિને આગળ પાછળ(back and forth) કરવી ગોળ ગોળ કે ઉપર નીચે ફેરવવી નહી. બન્ને હથેળીમાં જ્યાં સુધી ગરમીનો અનુભવ થાય ત્યાં સુધી ઘર્ષણ કરવું. આ ઉત્પન્ન થયેલી શક્તિ વડે ઇચ્છિત ભાગ ઉપર મસાજ કરવાથી તે ભાગમાં block થઈ ગયેલી શક્તિના પ્રવાહને મુક્ત કરી શકાય છે.

**પાંચ મુખ્ય અંગો ઉપરનું મસાજ :**

આપણે અગાઉ જોઈ ગયા તેમ, તાઓ શરીરનાં જે પાંચ મુખ્ય અંગો છે તેનો deity તરીકે સ્વીકાર કરે છે. બહારના પાંચ અંગો અંદરના પાંચ અંગોનું પ્રતિનિધિત્વ કરે છે. જેમકે ફેફસાં, નાક, હૃદય–જીભ, કીડની–કાન, લીવર–આંખ, સ્પ્લીન–મ્હોં. પ્રથમ આપણે નાક ઉપર મસાજ કેવી રીતે કરવું અને તે દ્વારા શ્વસનતંત્ર સાથેના રોગોને કેવી રીતે દૂર કરવા તે જોઈશું.

**૧. નાક–ફેફસા :**

શ્વસનક્રિયામાં નાકનું સ્થાન મહત્વનું છે. નાકમાંથી ત્રણ મેરેડિયનસ પસાર થાય છે. (૧) ગવર્નીંગ ચેનલ (૨) મોટું આંતરડું અને (૩) પેટ.







નાક અને ફેફસા માટે કુલ ચાર કસરત છે.

**૧) નાકની બન્ને બાજુ ઘર્ષણ કરવું :**

- બન્ને હથેળીને ઘસો. ગરમ કરો.
- બન્ને હાથની પહેલી અને બીજી આંગળીને નાકની બન્ને બાજુ ઉપરથી શરૂ કરી નીચે નસકોરા સુધી ઘસો. ઉપરથી નીચે આવશો ત્યારે એક round થશે. આવા ૯ થી ૩૬ round સુધી કરવા.

**૨) નાકના શરૂઆતના ભાગ ઉપર મસાજ કરવું :**



- બન્ને હથેળી ઘસો. ગરમ કરો.
- બન્ને હાથની પહેલી આંગળીને નાકની શરૂઆત અને આંખના ખૂણા આગળ મૂકો. ૧૦ થી ૧૫ સુધી ગણતાં ત્યાં દબાવો.
- ૧૦ થી ૧૫ સેકંડ ત્યાં મસાજ કરો.

**૩. નસકોરાનાં બન્ને ખૂણા ઉપર મસાજ કરવું :**



- બન્ને હથેળીને ઘસો. ગરમ કરો.
- <u>ડાબા હાથ અને જમણા હાથની પહેલી આંગળીને નસકોરાનાં મૂળમાં press</u>

કરો. ૧૦ થી ૧૫ સુધી મનમાં ગણો અને પછી ત્યાં જ આંગળીને ગોળ ફેરવો. આ ક્રિયા ૧૦ થી ૧૫ સેકંડ સુધી કરવી.

- હવે જમણા હાથની પહેલી આંગળી વડે બન્ને નસકોરાંની વચ્ચે જે ખાડો છે ત્યાં તેને press કરો. મનમાં ૨૦ સુધી ગણો. ત્યાં આંગળીને ગોળ ગોળ ફેરવો.
- પહેલી આંગળીને ઉપરના હોઠ ઉપર ઘસો.

**૪. ચહેરા ઉપર મસાજ :**



- બન્ને હથેળીને ઘસો, ગરમ કરો.
- ગરમ હથેળીને બન્ને ગાલ ઉપર ઉપરથી નીચેની તરફ ઘસો.
- બન્ને હથેળીને ફરી ગરમ કરી કપાળ ઉપર ઘસો.
- બન્ને હથેળીને ફરી ગરમ કરી, હથેળીને cup like કરી આંખ ઉપર મૂકો. મનમાં ૨૦ સુધી ગણો.

ઉપરોક્ત દર્શાવેલ ક્રિયાઓ ફેફસા સાથે સંબંધિત રોગો જેવા કે શરદી, નાકનું ગળવું, નાકનું બંધ થઈ જવું. સાયનસાઈટીસ, અસ્થમા, સતત છીંકો આવવી જેવા રોગો ઉપર ખૂબ અસરકારક છે.

**૨. જીભ/હૃદય :**

તાઓના મત પ્રમાણે જીભનો સંબંધ હૃદય સાથે છે. જીભ એ બે મુખ્ય મેરેડિયનસ, Governing channel and Functional channel વચ્ચેનો સેતુ છે. આ એક એવું સ્થાન છે જ્યાં ચી કે પ્રાણશક્તિનાં block થવાની વધારે સંભાવના છે.

જીભ/હૃદય સાથેની કુલ બે કસરતો છે.

(૧) જીભને દાંતની આગળના ભાગ અને હોઠની વચ્ચે કોઈપણ દિશામાં ૯ વખત ઘૂમાવો. પછી જીભને દાંતની પાછળના ભાગમાં વિરુદ્ધ દિશામાં ૬ વખત ઘૂમાવો. આને કારણે મ્હોમાં લાળ ઉત્પન્ન થશે. એ લાળને અંદર ઉતારી દો. તાઓ ચિકિત્સા

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.





પદ્ધતિમાં લાળનું ખૂબ મહત્વ છે. લાળ digestive glands અને organs ને lubricate કરે છે.

(૨) મ્હોને ખોલવું, જીભને શક્ય એટલી બહારની બાજુ ખેચવી. પછી જીભને turn કરી મ્હોની અંદર તરફ લઈ જવી. જેથી જીભનું ટેરવું અંદર ગળાના ભાગ સુધી જાય.

**૩. કાન/કીડની :**



તાઓ ચિકિત્સા પ્રમાણે કાનનો સંબંધ કીડની છે. કિડનીનું મુખ્ય કાર્ય લોહીનું શુદ્ધિકરણ કરવાનું છે. જો એ બરાબર કાર્ય ન કરે તો શરીરમાં એ કચરો ફર્યા કરે છે જે રોગના સ્વરૂપે બહાર આવે છે. આપણે પ્રથમ કાનની કસરતો જોઈશું અને પછી કિડનીની કસરતનો નિર્દેશ કરીશું.

**કાન/કિડનીની કસરત :**

કાનની કુલ ચાર કસરત છે જેમાં પ્રથમ ત્રણ બહારના કાન સાથેની છે જ્યારે એક અંદરના કાન સાથેની છે.

બહારના કાનની કસરત

(૧) બન્ને હથેળીઓને ઘસો. ગરમ કરો.
પહેલી અને બીજી આંગળીને અલગ કરીને V shape કરો. કાનની બહારની તેમ જ પાછળની બાજુ મુકી ઉપર નીચે ઘસો. આવું ૧૫ થી ૨૦ વખત કરો.

(૨) બન્ને હથેળીઓને ઘસો ગરમ કરો.
અંગૂઠા અને પહેલી આંગળી વચ્ચે કાનની બૂટને પકડો અને નીચેની તરફ ૧૫ થી ૨૦ વખત ખેંચો.

(3) બન્ને હથેળીઓને ઘસો. ગરમ કરો.
પહેલી આંગળીને કાનની આગળ તેમ જ પાછળની બાજુ ગોળ ગોળ ફેરવો.

**અંદરના કાનની કસરત :**

– બન્ને હથેળીઓને ઘસો. ગરમ કરો.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

– હથેળીના ભાગને કાન ઉપર રાખી આંગળીઓ વડે માથાના પાછળના ભાગ ઉપર tapping કરો.

આ કસરતો કરવાથી અકાળે આવતી કાનની બહેરાશને દૂર કરી શકાય છે.



**કિડનીની કસરત :**

- બન્ને હથેળીને ઘસો. ગરમ કરો.
- હથેળીની મુઠ્ઠી બનાવો.
- બન્ને મુઠ્ઠીને પાછળ કીડની ઉપર મુકી ૮ થી ૧૦ વખત tapping કરો.
- ફરીથી હથેળીને ગરમ કરીને હથેળીને કીડની ઉપર મુકીને ઉપરથી નીચેની તરફ લાવો. આવું ૧૦ થી ૧૫ વખત કરો.



**૪. આંખ/લીવર :**







વર્તમાન સમયમાં વાંચન, ટી.વી. જોવું, કમ્પ્યૂટર ઉપર કામ કરવું વગેરે કારણસર આંખોને સતત શ્રમ પડતો હોય છે. આપણો અનુભવ છે કે જ્યારે આંખ થાકે છે ત્યારે આપણને પણ માનસિક થાકનો અનુભવ થાય છે. તાઓના મત પ્રમાણે આંખનો સીધો સંબંધ લીવર સાથે છે. કસરત કરતી વખતે આંખ ઉપર કોઈપણ પ્રકારનુ જોર ન કરવું. હલકા દબાણ સાથે ક્રિયા કરવી.

**આંખ માટેની કસરતો :**

(૧) બન્ને હથેળીને ઘસીને ગરમ કરો.

– આંખો બંધ કરીને બીજી આંગળીને આંખની કીકી ઉપર મૂકો અને હલકા દબાણથી આંગળીને કીકી ઉપર ગોળ ગોળ ફેરવો.

(૨) બન્ને હથેળીને ઘસીને ગરમ કરો.

પહેલી, બીજી અને ત્રીજી આંગળીને આંખના upper shocket ઉપર મૂકી ગોળ ગોળ ફેરવો. આજ પ્રમાણે lower shocket ઉપર મૂકી ગોળ ગોળ ફેરવો. આવું ૧૫ થી ૨૦ વખત કરો.

(૩) બન્ને હથેળીને ઘસી ગરમ કરો.

હથેળીને આંખ ઉપર મૂકી મનમાં ૨૦ ગણવું. આ સમય દરમ્યાન આંખ અંદરથી બંધ રાખવી.

**૫. મ્હો /સ્પ્લીન :**



તાઓ ચિકિત્સા પદ્ધતિ પ્રમાણે આંતરિક સ્પલીનનો સંબંધ બાહ્ય મ્હો સાથે છે. સ્પ્લીન માટેની ત્રણ કસરતો છે.

(૧) આગળના ઉપર નીચેના દાંતને ભેગા કરીને ઉપર નીચે click કરો. ૧૮

વખત આવું કરો. પાછળના દાંતને ભેગા કરી ૧૮ વખત ઉપર નીચે click કરો.

(૨) બન્ને હથેળીને ગરમ કરીને પહેલી ત્રણ આંગળી વડે ઉપર અને નીચેના હોઠની ચારે બાજુ tapping કરો આ ૮ થી ૯ વખત કરો.

(૩) બન્ને હથેળીને ગરમ કરીને અંગૂઠો અને પહેલી આંગણીને મ્હોંમાં અંદર નાખીને બન્ને આંગળીઓને ઉપરની તરફ ખેંચો, આવુ ૮ થી ૯ વખત કરો.

સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે ઉપરોક્ત દર્શાવેલી ક્રિયાઓ રોજ કરવી. ક્રિયા કરતી વખતે બળનો પ્રયોગ ન કરવો. શાંત ચિત્તે ક્રિયા કરવી. આ ક્રિયાઓની કોઇ નકારાત્મક અસરો નથી. ક્રિયા પૂરી સભાનતા સાથે કરવી. આશા છે કે આપ સહુ આ કસરતો કરશો અને તેનો ફાયદો ઉઠાવશો.

(Taoist Yoga & Chi kung for better Health-Eric Steven Yudelove પર આધારિત )

– ડૉ પ્રજ્ઞા શાહ

**REQUIRED**

**SENIOR ACCOUNTANT**
**FOR LEADING CONSTRUCTION COMPANY**

Senior Accountant having experience of 10 to 15 years and ability to independently handle Accounts, Audit, Finance and Legal Matters. Knowledge of Tally, ERP is preferred.

**Conctact on below mentioned Mobile no or E-Mail Address.**

**RJP INFRASTRUCTURE PVT. LTD., Ahmedabad**
**Mo. 99241 15079, 99253 62237**
**E-Mail : rjpinfra@gmail.com**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.





## ટેલિફોન



(આ આત્મકથાના તમામ પાત્રો અને પ્રસંગો કાલ્પનિક છે અને કોઇ પણ વ્યક્તિ કે વસ્તુ સાથેનો તેનો સંબંધ સંયોગમાત્ર છે.)

ઓગસ્ટ મહિનાના રવિવારની સવાર હોય, ચોમાસુ પુરબહારમાં જામ્યુ હોય અને આખી રાતથી મંદ મંદ વરસાદ વરસી રહયો હોય ત્યારે એક દેડકાને વાંસના ટોપલાની નીચે ક્યારનો પૂરી રાખ્યો હોય અને ટોપલાને ખસેડવામાં અસમર્થ દેડકા પરથી કોઇ એકદમ જ એ ટોપલો ઉઠાવી લે તો દેડકો ખુશીનો માર્યો શું કરે? બસ, આવી જ હાલત મારી હતી. કેદમાંથી મુક્ત થયેલો દેડકો જેમ આમ તેમ કુદકા મારીને ખુશી દર્શાર્વે એ જ રીતે મેં પણ મારી ખુશી દર્શાવી.

ઓગસ્ટ મહિનાના રવિવારની સવાર હતી, ચોમાસુ પુરબહારમાં જામ્યુ હતુ અને આખી રાતથી મંદ મંદ વરસાદ વરસી રહયો હતો અને ઘરમાં સૌ કોઇ મજાની મીઠી નીંદર માણી રહયા હતાં ત્યાં જ ... ભલભલા ઉંઘણસીની ઉંઘ ઉડી જાય એવી ઘરઘરાટીથી બળદેવરાયનું નિવાસસ્થાન ગુંજી ઉઠયુ. ઘરના સાતેય સભ્યો સફાળા જાગી ગયા અને આ કઇ મુસીબત છે એ જાણવા ગભરાહટમાં ડ્રોઇંગરુમ તરફ દોટ મૂકી. આ ભયંકર અવાજનો પીછો કરતી અલગ અલગ દીશાઓમાંથી ડ્રોઇંગરુમમાં પ્રવેશેલી દરેક વ્યક્તિ મને જોતા જ સ્તબ્ધ થઇ ગઇ તેઓ સૌ મારી તરફ જોઇ રહયા હતા અને હું તે દરેકના ચેહરા પરના ભાવ જોવા લાગ્યો.

બળદેવરાય–જેમના કારણે હું આ ઘરમાં આવ્યો હતો અને હજુ પણ છું તેમના ચેહરા પર મને ગર્વ અને હેતનો ભાવ દેખાયો. સમય અને સિધ્ધાંતોની તાલમેલ રાખીને જીવવાવાળા બળદેવરાય સિત્તેર વટાવી ચૂક્યા હશે પણ એમની સફેદ થઇ ગયેલી મૂંછોથી તેઓ હજુ રુઆબદાર દેખાય છે.

કંચનબા તો મને જોઇને તરત જ મરક મરક થવા લાગ્યા. મનોહરભાઇ અને પૌલોમીભાભી તો જાણે આશ્ચર્યચકિત થઇ ગયા. તેઓની બેંક મનેજર અને કોલેજમાં પ્રોફેસર તરીકેની નોકરીમાં રવિવારની રજા કેટલી કીમતી હોય અને મે એમાં ભંગ પાડયો. કુમુદફોઇની સામે જોઇને તો હું ઘભરાઇ જ ગયો. મારી સામે તો એ એમ જોતા હતા જાણે મે એમનું શું બગાડી લીધુ હોય અને જાણે મને હમણા ઉચકીને ફેંકી દેશે. કેશવના ચેહરા પર કોઇ મહાન કાર્ય પાર પાડવાની ખુશી દેખાઇ રહી હતી અને આ

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

પલક તો જાણે હમણા જુમી ઉઠશે તેમ લાગતુ હતું.

મારી સામે જોવામાં બધા મારા અવાજ પ્રત્યે જાણે બેફિકર થઈ ગયા હતા. છેવટે જ્યારે મારો અવાજ બંધ થયો ત્યારે જ્યારે કોઈ સંમોહિત અવસ્થામાંથી મુક્ત થયા હોય એવા ભાવ સાથે એકબીજા સામુ જોવા લાગ્યા.

શું થયું? ઓળખ્યો મને? તમે પણ સંમોહિત થઈ ગયા? અરે પાછા આવો ... હું એ જ છું દસકાઓ જૂનો પેલો કાળો ડબ્બા ટાઈપ ચકરડાવાળો ટેલિફોન... અને આ જે હમણા અવાજથી સૌની ઉંઘમાં ભંગ પડયો તે મારી રીંગ હતી... ટ્રીંગ...ટ્રીંગ... યાદ આવ્યું? તમારામાંથી કેટલાકે મને જોયો હશે, કેટલાકે મારા વિશે સાંભળ્યુ હશે, કેટલાકે મને ફોટામાં જોયો હશે અને કેટલાકે આમાંનું કશું જ નહીં કર્યુ હોય તો પણ આપ સૌને મારા નમસ્કાર.

આજે પુરા ૩૦ વર્ષે હું રણક્યો... અરે, ગરજ્યોં એમ કહો તો પણ વાંધો નહિં...જુઓ તો ખરા આ બધા કેવા હચમચી ગયા છે. ૧૯૮૧ની સાલમાં મારુ આગમન થયુ આ ઘરમા.(તમારામાંથી કેટલાક તો ત્યારે જનમ્યા પણ નહીં હોય) ત્યારે બળદેવરાય ગર્વથી કહેતા હતા કે આજુબાજુના દસ ઘરમાં કોઈ ફોન નથી અને એટલી જ સહજતાથી કોઈ બહારની વ્યક્તિને ફોન કરવા દેતા હતા તે પણ વિનામૂલ્યે. આમ મફતમાં ફોન કરવાવાળાની સંખ્યા ધીમે ધીમે ઝાઝી થવા લાગી હતી તો પણ બળદેવરાયને તેમાં વાંધો ન હતો.

મને થતું કે આ હેલ્લો શબ્દ કોણે શોધ્યો હશે... અરે જેણે પણ શોધ્યો હશે તે આ બધા મફતીયાઓના ઉચ્ચાર સાંભળીને તો બેભાન જ થઈ જાય હો. દરેક જણની હેલ્લો બોલવાની રીત અલગ. આ માણસ હેલ્લો એટલુ જ બોલે તેમાં સામેવાળાને ઘણી અસર થઈ જાય. કોઈકનુ હેલ્લો એટલુ મીઠુ હોય કે સાંભળીને એમ થાય કે અપ્સરા કે દેવ બોલી રહયા હોય કોઈકનું હેલ્લો એટલુ ભારે હોય કે સાંભળનારાના હાથમાં રીસીવર છટકી જાય તો કોઈનું હેલ્લો એટલુ નકારાત્મક હોય જાણે દીવેલની બાટલી પીધી હોય તો વળી કોઈકનું હેલ્લો એટલુ રમુજી હોય કે સામેવાળો હસી જ પડે.

માણસો માટે આ એક જ શબ્દ અલગ અલગ રીતે બોલવુ એમ સમજી શકાય તેમ છે, પરંતુ તેમાંના અમુક વ્યક્તિઓતો ક્યારેય ના ભુલાય. શું નામ હતું એમનુ...હા...રાજેન્દ્ર તલાટી... બધા એમને આર.ટી.ના નામથી ઓળખતા. આમ તો એમનું ઘર અહીંથી છ ઘર દૂર હતુ તો પણ ફોન કરવા તો અહીં જ આવવાનુ. એમને તો હેલ્લો શબ્દનો ઉચ્ચાર તો ઠીક પણ અર્થ જ બદલી નાખ્યો હતો ફોન ઉપાડે એટલે બોલે..."એલા... વ."

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ-માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.





પહેલી વાર બોલ્યા ત્યારે તો લાગ્યુ કે આ ફોન પર શું લાવવાનુ કે છે અને પાછા લા થોડુક લંબાવે. બે ચાર વખત સાંભળ્યાં પછી ભાન થયુ કે આ "એલા... વ." બોલે છે અને એને આપડે "હેલ્લો" જ સમજવાનું છે.

એવુ જ બીજુ ઉદાહરણ, નામ "રાકા". બીજુ કાંઈ સમજો તે પહેલા ચોખવટ કરી દઉં કે આ કોઈ ગુંડો કે ટપોરી નથી પરંતુ એક બહેન છે. ચોંકી ગયા ને!! અરે આ બાજુમાં ભટટકાકા રહે તેમના ધર્મપત્ની એટલી કે રક્ષાબેન ભટટ. હવે થયું એમ કે તેમના ઘરની સામે જ ખુલ્લી જગ્યા પડે અને ત્યાં છોકરાઓ ક્રીકેટ રમે અને તેમના ઘરમાં બોલ જાય એટલે છોકરાઓને તેઓ તતડાવે. એક વાર થયું એવુ કે રાતના સમયે છોકરાઓ ક્રીકેટ રમતા હતા. શરદપૂનમ હતી અને રક્ષાબેને ઓટલા પર ચંદ્રમાનું અજવાળુ પડે તે રીતે દૂધપાકની તપેલી હજુ તો મૂકી જ હતી અને એટલામાં જ એક ફટકો આવ્યો અને બોલ સીધો દૂધપાકની તપેલીમાં!! દૂધપાકના બદલામાં મેથીપાક આપવા હાથમાં ધોકો લઈને આખી સોસાયટી માથે લીધી હતી એમણે. અન્ય વડિલો વચ્ચે પડયા ત્યારે માંડ પરીસ્થિતી થાળે પડી હતી પણ તે દીવસથી છોકરાઓની પલ્ટને એમનુ નામ પાડી દીધુ-રાકા.

આમ તો ખાનગી વાત છે પણ એ પલ્ટનના એક સભ્ય તે આપડા મનોહરભાઈ અને તેમણે એમના સાગરિતો જોડે આ વાત કરી અને મને તો સંભળાઈ જ જાય ને. હવે આ રાકા-ઉફ્ફ-રક્ષાબેન ફોન પર વાત કરે એટલે એમની ઈમેજથી તદ્દન વિરુધ્ધ. તમે એમની બાજુમાં ઉભા હો તો પણ તમને ના સંભળાય કે એ શુ વાત કરે છે. ક્યારેક તો મને એવુ થતું હતુ કે આ હોઠ ખોલ્યા વગર બોલે છે કેવી રીતે !

સમય જતાં વાર નથી લાગતી એ સાંભળ્યું હતું અને આજે જોઈ પણ લીધુ. જે મનોહરભાઈને તેટલા નાના જોયા હતા, આજે એમના લગ્ન પણ થઈ ગયા છે અને એમના છોકરાઓ પણ મોટા થઈ ગયા છે. ૧૯૮૮માં જ્યારે થોડા સુડોળ દેખાવવાળા લાલ ફોનથી મને બદલી લેવામાં આવ્યો હતો ત્યારથી અત્યાર સુધી દર વર્ષે દિવાળીની સફાઈ વખતે કબાટમાંથી લઈ સાફ કરીને પાછો ગોઠવી દેવામાં આવુ છું. આ ત્રીસ વર્ષમાં લાલ ફોન પછી ક્રીમ કલરનો પુશ બટન ફોન, રખોડી કલરનો સ્પીકર ફોન, વિવિધ પ્રકારના કોડલેસ ફોન વગેરે આવ્યા અને ગયા પણ મારી જેમ કોઈને સંઘર્યા નહી.

અરે ભાઈ ક્યાં છેક ૧૯૮૧ માં પહોચી ગયા, પાછા આવો. બીજુ કોઈ કશું વિચારે એની પહેલા તો કેશવે મને ઉપાડીને કાન પર લગાવ્યો અને ચેહરા પર ખુશી રેલાઈ આવી. 'ઓ દાદા, આ તો ચાલુ થઈ ગયો'. તે ગઈ કાલે જ રાત્રે ત્રણ કલાક મથ્યો હતો

સ્વ. દેવેન્દ્રભાઈ ચંપકલાલ શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

મને ચાલુ કરવા માટે પણ વરસાદને કારણે રાત્રે ફોનલાઈનમાંજ ખરાબી હતી એટલે કેશવને એમ કે હું નથી કામ કરી રહયો. પલકની સ્કુલમાં આવતીકાલે વિધાર્થીઓ દ્વારા એન્ટિક વસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે અને પલકને મને લઈ જવો છે. નાનીબેન માટે ભાઈ મદદમાં હમેશા તૈયાર એટલે મને કબાટમાંથી બહાર લીધો અને આ રહયુ તેનુ પરિણામ.

‘અલ્યા પણ કેશુડા, કોનો ફોન હતો હવાર હવારમાં? માંડ માંડ તો આંખ મીચાઈ હતી અને એમાં આ કાળિયો ધુરક્યો’ કુમુદફોઈ તાડુક્યા એટલામાં ફરી હું ધુરક્યો...મતલબ રીંગ વાગી અને કેશવે પળવારમાં મને ઉપાડી લીધો. હજુ તો બીચારો કશુ બોલે તે પહેલા જ સામેથી એક્સપ્રેસની માફક કોઈ બોલી ગયુ અને કનેક્શન કટ થયાનો ટોન આવ્યો. કેશવે ફોન મુક્તા બધાની સામે મલકાતા મલકાતા જોયુ અને કુમુદફોઈ સામે અટક્યો. ‘ફોઈ ... ભજન મંડળીવાળા બાનો ફોન હતો તેમનો સંદેશો આપવા કહયુ છે કે ભજનમાં ૯.૦૦ વાગે નહી પણ ૧૦ વાગે જવાનું છે એટલે તમે નિરાંતે આવજો’. આ સાંભળી સૌ હસી પડયા અને કુમુદફોઈ મોં મચકોડીને અંદર ચાલ્યા ગયા.

બીજા દીવસે પલક ઉત્સાહિત હતી મને સ્કુલે લઈ જવા પૌલોમી ભાભી મારા માટે થઈને ખાસ ગાડી લઈને પલકને મૂકવા આવ્યા. ત્યાં પ્રદર્શનમાં અન્ય ઘણી એન્ટિક વસ્તુઓ હતી જેવી કે રેડિઓ, ઈસ્ત્રી, ઘંટી, ફાનસ, ઘડિયાળ વગેરે સૌ કોઈની મારી તરફ વિશેષ નજર જતી હતી. સાલુ ૩૮ વર્ષે આમ સન્માન મળશે તેમ વિચાર્યુ પણ ન હોતુ અરે આખી સોસાયટીમાં મારી ચર્ચા થવા લાગી હતી. સાચુ કહુ તમને– હું પોતે અમિતાભ બચ્ચન હોઉં એવી ફીલિંગ્સ થવા લાગી. પૂછો કેમ? અરે હું નવો નવો હતો ત્યારે થોડા વર્ષ કેવો ડિમાંડમાં હતો પછી ધીમે ધીમે મારા કામની સાથે લોકપ્રિયતા ઘટતી ગઈ પણ વળી પછી આ ઘરડે ઘડપણે આપડી વાહ વાહ થઈ રહી છે બોલો થયોને અમિતાભ બચ્ચન.

બીજા દીવસે સવારમાં બરોબર છ વાગ્યે ફરી પાછો હું ગરજ્યો. મને એમ કે ફરી પાછા આ લોકો દોડતા આવશે પણ એવુ ન થયુ. ફક્ત બે જ જણા આવ્યા આ બાજુથી કેશવ ઉતાવળા પગલે આવ્યો અને મને ઉપાડયો અને બીજી બાજુથી ડગુમગુ થતા કુમુદફોઈ આવ્યા. હજુ તો કુમુદફોઈ પાસે આવે તે પહેલા તો કેશવે મને મૂકી દીધો અને પોતાના રુમમાં જવા લાગ્યો.

‘એ કેશુડા, આ કાળિયાને તે પાછો જોડી દીધો...કેમ? અને કોનો ફોન હતો? મારા માટે હતો કે હવાર હવારમાં તારી ટોળકીમાંથી કોઈ હતુ?’ કુમુદફોઈએ મારી તરફ

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.





અણગમો વ્યક્ત કરતાં કેશવને પુછયું.

‘અરે ફોઈ, કોઈનો ફોન નતો. આ તો બી.એસ.એન.એલ.ની મફત મોર્નિંગ એલાર્મ સેવા નોંધાવી છે તેને માટે હતો. શું છે ફોઈ કે પેલી નાનકડી એલાર્મ ઘડિયાળથી બરોબર સંભળાતું નથી અને સંભળાય છે તો જોડે જ હોય એટલે બંધ કરીને પાછા હું અને પલક સુઈ જઈએ છીએ. આ તો આટલી મોટી રીંગ વાગે એટલે સંભળાય જ અને બંધ કરવા માટે ફોન ઉપાડવો પડે અને ઉપાડવા માટે પથારી છોડીને અહીં આવવુ જ પડે અને ફોઈ એક વાર પથારી છોડી એટલે ઉંઘ પણ ગઈ એટલે ફોઈ હવેથી રોજ સવારે આ કાળિયો ગરજશે પણ તમતમારે નિંરાતે રુમમાંજ રહેજો હોને’ કેશવ આટલુ સમજાવી પલક ઉઠી કે નહી તે જોવા રુમમાં ચાલ્યો ગયો.

કુમુદફોઈ માથે હાથ દઈને કેશવને જોતા રહયા અને હું મલકાતો મલકાતો કુમુદફોઈને જોઈ રહયો હતો. હું પાછો પરમેનન્ટ થઈ ગયો અને પેલા કબાટમાં નહી જવુ એ સાંભળીને એવી ફીલિંગ્સ આવી કે જાણે તમે કોઈ મસ્ત હીલ સ્ટેશન પર ચારે બાજુ બરફના પહાડોની વચ્ચે કોઈ મસ્ત જગ્યાએ આરામખુરશીમાં પગ લંબાવીને ફ્રેશ જ્યુસની ચુસકી લેતા લેતા આરામ ફરમાવતા હોવ.

બસ હવે પાછા આવો. આ કુમુદફોઈ એમની રુમમાં જતા જતા જે રીતે મારી તરફ જોતા ગયા ને એમાં પેલા હીલ સ્ટેશનની બધી જ ઠંડી પળવારમાં ઉતરી ગઈ. ચાલો, હવે તમે તમારા કામ પર વળગો અને મને શાંતિથી સુવા દો મારે તો ગમે ત્યારે ઉઠી જવુ પડે અને ઉઠતાની સાથે જ ઘરઘરાટી બોલાવી પડે–લોકો આળસ ખાવાનો પણ સમય નથી આપતા. સમજ્યાને આવજો ત્યારે, જય શ્રી કૃષ્ણ ... – **વિશાલ ગીરીશ શાહ**

## Wisdom

Wisdom, a quality grows with time

Wisdom, an asset Bring wealth and prosperity

Born in the fareast, The World learns from it....

To Differentiate choices wisely, To Conserve water or waste it ?

Such intelligent decisions, Helps save planet, earth.

**- Puravi M. Gambhirwala**

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## જ્ઞાતિનુ ગૌરવ



Kushal Vrajesh Parikh has successfully completed all exams of CIMA-UK, a globaly recognised qualification for Management Accounts. He has secured All India 5th rank in Strategic Case study Module and All India 1st rank in Financial Strategy module, felicitation for which was held on 4th September 2018 at Taj Santacruz, Bombay. Earlier also in his past academic exams, he had secured All India 18th rank in CA Final, All India 46th Rank in CA-IPCC, All India 23rd Rank in CS- Professional and CS- Executive and All India 15th Rank in CS- Foundation. He is inspiration for all caste members specially for students who intend to build career in CA, CS, etc.

"There is no subsitute of hard work"

"Nothing worth comes easily"

All the best to him for future.

**- Editor**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.





## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ માટે ગૌરવરૂપ ઉત્સવ એટલે પ્રતિષ્ઠા મહોત્સવ ૨૫ વર્ષ બાદ વાયડ ખાતે તેનું આયોજન તા. ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ (મંગળ,બુધ, ગુરૂ) દરમ્યાન કરવામાં આવ્યું છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય થશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ ને ગુરૂવારે સવારે નીકળશે અને તે જ દિવસે સાંજે હવન સંપન્ન થશે.

પ્રતિષ્ઠા મહોત્સવનું કાર્ય ઝડપભેર આગળ વધી રહ્યું છે. સપ્ટેમ્બર, ૨૦૧૮ વાયડામિત્રના અંકમાં કાર્યના આયોજન સંબધમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. કાર્યકર્તા તરીકે નામ નોંધાવવાનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે. આપ સમયદાન આપીને આ પવિત્ર કાર્યમાં સહકાર આપશો તેવી વિનંતી છે.

હવનમાં બેસવા માટેની ઉછામણી ઓનલાઈન કરવામાં આવી રહી છે. જેની સંપૂર્ણ વિગતો અન્યત્ર પ્રસિદ્ધ કરી છે. આપ સૌને જાણીને આનંદ થશે કે ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯ને મંગળવારે રાત્રે વાયડ ખાતે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આપણી જ્ઞાતિના શ્રી ઋજુલ કશ્યપભાઈ શાહ વાયડ ખાતે ભજનસંધ્યાનો કાર્યક્રમ રજૂ થશે. તેઓ સુગમ સંગીત અને ભજનના અચ્છા જાણકાર છે. તેમણે દેશ–વિદેશમાં અનેક સ્ટેજ શો કર્યા છે. તેમ જ પ્રખ્યાત શ્યામલ–સૌમિલ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત સમસ્ત જ્ઞાતિના પ્રતિભાશાળી વ્યક્તિઓને પોતની કળા દાખવવાનો મોકો મળે એ રીતનું આયોજન વિચારવામાં આવ્યું છે. ભવ્ય ગરબાનું આયોજન પણ ગોઠવવામાં આવ્યું છે. આ અંગેની સંપૂર્ણ વિગતો વાયડામિત્રમાં પ્રસિદ્ધ થશે.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન એક દિવસ સવારે ૮ થી ૧૨ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી જ્ઞાતિના ડીસાના ડો. સંજયભાઈ ગાંધીના નિદર્શન હેઠળ આ કેમ્પ કાર્યાન્વિત થશે. આ કેમ્પમાં ડાયાબીટીસ, બ્લડપ્રેશર, હિમોગ્લોબીન, ઓબેસીટી, બ્લડગ્રુપ જેવા ટેસ્ટ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત લાઈફ સ્ટાઈલને લગતી માહિતી કેમ્પમાં રજૂ કરવામાં આવશે. સંઘના ત્રણ દિવસ સવારથી સાંજ ડોક્ટર સ્થળ પર હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શ્રી સમીરી કામદાદેવીના આશીર્વાદ અને જ્ઞાતિજનોના સાથ–સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થશે એવી આશા છે.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

**શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ**
**જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવા અપીલ**

આપ સૌ જાણો છે કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરી – ૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં તમામ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

આ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. જેમાં પ્રતિષ્ઠા મહોત્સવના ૩૦ લાખ રૂપિયા તેમજ રસોડા ખર્ચના આશરે ૧૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે. જ્ઞાતિજનોને માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉદાર હાથે ફાળો નોંધાવવાની અપીલ કરવામાં આવે છે.

આપ આપનો ફાળો ઓનલાઈન પણ નોંધાવી શકો છો. આપ બેન્કના એકાઉન્ટમાં રકમ જમા કરાવી શકો છો. ચેક અથવા ડ્રાફ્ટ "વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા"ના નામનો લખવો.

બેન્કની વિગતો આ પ્રમાણે છે.

બેંકનું નામ અને શાખા : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, મીઠાખળી બ્રાન્ચ, અમદાવાદ

બેંક એકાઉન્ટ નંબર : 1034865811

IFSC Code : CBINO280553

MICR : 380016020

જ્ઞાતિજનો તરફથી ફાળો મળે એવી અપેક્ષા છે. દેશ પરદેશમાં રહેતા તમામ જ્ઞાતિજનો આ પવિત્ર કાર્યમાં આર્થિક સહયોગ આપે તે ઈચ્છનીય છે.

તમામ જ્ઞાતિજનોને રૂબરૂ મળવું મુશ્કેલ હોવાથી 'વાયડામિત્ર' દ્વારા અપીલ કરવામાં આવે છે.

વધુ વિગતો માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખનો સંપર્ક (મો. ૯૮૨૪૩૧૫૫૭૦) ઉપર કરી શકાય છે.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન**





**Instructions for taking part in Uchhamani for shatchandi Pratishtha Havan (February 12/13/14)**

1. A dedicated Whatsapp Group will be created for Gnyatijans who are interested in taking part in Boli for Mukhya Yajman and Additional Yajman. All trustees of Vayada Vanik Shri Vayad Sansthan will be in the group by default.
2. Anyone who is interested in taking part in Boli (for mukhya yajman or additional yajman) can contact Sunil R. Shah at +91 98250 46282 (via message or phone call) before 20th November 2018 and he will add him/her in the Group.
3. Boli for Havan will start from 22nd November 2018 at 8.00AM IST.
4. Boli will start at Rs. 5,00,000/- (Rupees Five Lakhs). Minimum acceptable increment thereafter will be Rs.1000/- (Rupees One Thousand).
5. At the time of Uchhamani, interested members will have to specify the amount for which they want to give boli (in rupees only); preferably in figures and words to avoid any data entry errors.
6. People from around the world can do boli as per their convenient time. After a boli, if there is no new incremented boli until 8:00AM IST of the day after (minimum 24 hours will be allowed to pass) then it will be considered as the First Day (એક વાર); if no new amount in another 24 hours then it will be considered

second day (બે વાર) and if no new amount in next 24 hours then it will be considered final (ત્રણ વાર) and he/she will be Awarded as "Mukhya Yajman" for Havan. But if in-between these three days, someone else puts a boli for incremented amount then the time resets and it will continue like this until no other boli is made for 3 consecutive days. We request all interested gnyatijans to help us in completing this process as early as possible.

7. Members are not allowed to post anything else other than Uchhamani amount in this group. If they have doubts then can ask via personal message or call to Sunil R. Shah.
8. Once the boli for Mukhya Yajman is completed, Boli for additional Yajmans will start the same way on the same group. There will be 2 additional Yajmans and minimum Boli for additional Yajman will start from Rs 3,00,000 (Rs Three Lacks) each.
9. To keep all Gnyatijans updated, daily updates will be published on our website www.vayvaset.in and notification message will be sent on community messenger and GCV whatsapp group.
10. Trustees will have all the rights to change / alter the modus operandi in the interest and convenience of the cast / Mahotsav.
11. Trustees decision will be final in case of dispute or confusion.

**- Ramendra J. Parikh**
**President, Vayada Vanik Shree Vayad Sansthan**

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.





## શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ - ૨૦૧૮

રાષ્ટ્ર અને સમાજમાં કોઈ એક નવો વિચાર પ્રસારિત કરીને અથવા તો કોઈ નવો એપ્રોચ કે ટેકનોલોજીના ઉપયોગ દ્વારા પ્રજાજીવનની સિકલ બદલનારા લોકોને પ્રોત્સાહિત કરવા અને પોતાના આવા કાર્યથી જે તે ગામ કે શહેરના લોકોના જીવનની ગુણવત્તા(ક્વોલિટી ઓફ લાઈફ)માં વધારો કર્યો હોય અથવા પરિવર્તન આણ્યું હોય એવી વ્યક્તિને **શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ** વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવે છે. એવોર્ડ વિજેતાને રૂ.૧,૦૦,૦૦૦/–, શાલ તથા સન્માનપત્ર એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮નો આ એવોર્ડ પુંસરી ગામના સરપંચ **શ્રી હિમાંશુ પટેલ**ને પીવાના પાણી માટે આર.ઓ પ્લાન્ટ, વાઈ.ફાઈ. તથા ઉત્તમ સેનીટેશન સુવિધાઓ વડે પુંસરી ગામને મોડલ ગામ બનાવવા માટે આપવામાં આવ્યો છે.

આ પ્રસંગે નિરમાના શ્રી કરસનભાઈ પટેલ, શ્રી પી.કે લહેરી, ડો. કુમારપાળ દેસાઈ, શ્રી રમેશ તન્ના, શ્રીમતી પલ્લવીબહેન ચીનુભાઈ શાહ તથા ઘણા જ્ઞાતિજનો ઉપસ્થિત રહયા હતાં.

– તંત્રી

## જ્ઞાતિનું ગૌરવ

"ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ કાઉન્સીલ" આંતરરાષ્ટ્રીય સંસ્થા જેનું વડુ મથક 'શિકાગો' ખાતે આવેલું છે, ચાલુ વર્ષે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન એવોર્ડ નું તા. ૨–૯–૧૮ના રોજ મુંબઈ ખાતે સમગ્ર દેશના શિક્ષણજગત સાથે સંકળાયેલ દસ શિક્ષણવિદ્દોના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. ગર્વ સાથે આપણા ગુજરાત ના બે જેમાં આપણી જ્ઞાતિના વડોદરાનિવાસી પરેશભાઈ એચ. શાહને સન્માનપત્ર અને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. શિક્ષણક્ષેત્ર સાથે છેલ્લા ત્રીસ વર્ષથી તેઓ સંકળાયેલ છે. શિક્ષણવિદ્ તરીકે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ–ગાંધીનગરના તજજ્ઞ કાઉન્સીલર છે. સમાચારપત્રો અને રાષ્ટ્રીય કક્ષાની ટી.વી. ડીબેટમાં હંમેશા તેઓને શિક્ષણ જગતના પ્રશ્નો માટે ચર્ચામાં નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેઓ શિક્ષણ ક્ષેત્રે હજુ વધુ પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના.

– તંત્રી

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ – અમદાવાદ
## શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ – અમદાવાદ

શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ અને શ્રી સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે નવા વર્ષના સ્નેહમિલન કાર્યક્રમનું તા. ૧૮–૧૧–૨૦૧૮ ને રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઉપરોક્ત બંને મંડળના સભ્ય ભાઈ–બહેનોને હાજર રહેવાનું હાર્દિક આમંત્રણ છે.

કાર્યક્રમનું સ્થળ અને સમય

સ્થળ : શ્રીફળ ગાર્ડન રેસ્ટોરા, જોધપુર હાઈવે ચાર રસ્તા, ઈસ્કોન મંદિર પાસે, આંબલી–બોપલ જવાનાં રોડ ઉપર, સેટેલાઈટ, અમદાવાદ.

સમય : સાંજે ૫.૩૦ કલાકે

સભ્યોનું સ્વાગત વેલકમ ડ્રીંકથી કરવામાં આવશે, જે ૬.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે. ત્યાર પછી સમાજના સભ્યો દ્વારા તૈયાર કરવામાં આવેલો સાંસ્કૃતિક પોગ્રામ રજૂ કરવામાં આવશે. આ પોગ્રામ પછી આપણે પંજાબી ભોજનનો આસ્વાદ માણીશું.

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહેવા ઈચ્છતા સભ્ય ભાઈ–બહેનો તા. ૧૧–૧૧–૨૦૧૮ થી તા. ૧૪–૧૧–૨૦૧૮ સુધીમાં સવારે ૧૦ થી ૧ અથવા સાંજે ૫ થી ૭ દરમિયાન નીચે જણાવેલ કોઈપણ કાર્યકરને ત્યાં નામ નોંધાવી શકશે. Whatsapp દ્વારા પણ નામ નોંધાવી શકાશે. મુખ્ય વ્યક્તિનું નામ અને સભ્ય સંખ્યા જણાવવાની રહેશે. કાર્યક્રમમાં હાજર રહેવા માટે રૂા. ૧૫૦/– પ્રતિ વ્યક્તિ ચાર્જ રાખવામાં આવ્યો છે. પાંચ વર્ષથી નાના બાળક માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. ગેસ્ટ ચાર્જ રૂા. ૩૦૦/– પ્રતિ વ્યક્તિ રાખવામાં આવ્યો છે. જે પ્રમુખશ્રીની મંજૂરીથી લાવી શકાશે. નોંધાવેલું નામ કોઈપણ સંજોગોમાં રદ કરી શકાશે નહીં.

કાર્યક્રમમાં સાંજે ૬–૦૦ વાગ્યા સુધી પ્રવેશ મેળવી લેનાર સભ્યો માટે લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. ૬–૦૦ વાગ્યા સુધી પ્રવેશ મેળવનાર સભ્યોએ કાઉન્ટર ઉપર પોતાનું નામ નોંધાવી લેવું. ૬.૦૦ વાગ્યા પછી નામ નોંધવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.

આપણાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અત્યાર સુધી નીચે જણાવેલ સભ્યોનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.





| નં. | નામ | રકમ |
|---|---|---|
| ૧. | શરદભાઈ જે. પરીખ | ૫૦૦૦/- |

બંને મંડળો દરેક દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માને છે. જે કોઈ સભ્ય ભાઈ–બહેન આર્થિક સહયોગ આપવા ઈચ્છતા હોય તેઓ શ્રી શરદભાઈ જે. પરીખ (મો.) ૯૪૨૬૦૦૭૦૮૬ અથવા શ્રીમતી મીનાબેન આર. પરીખનો સંપર્ક કરે. આપનો સહકાર આવકાર્ય છે.

નામ નોંધાવવા માટે : (૧) મીતાબેન રાકેશભાઈ પરીખ ૯૬૩૮૯૪૨૭૪૬
(૨) રાજેન્દ્રભાઈ કે. શાહ ૯૮૯૮૮૨૭૩૯૮

**લજ્જા એસ. શાહ (પ્રમુખ),**
**મીતા આર. પરીખ (સેક્રટરી**
**શ્રી સમીર વણિક સમાજ**
**મહિલા મંડળ, અમદાવાદ**

**શૈલેષ પી. શાહ (પ્રમુખ),**
**શરદ જે. પરીખ (સેક્રેટરી),**
**શ્રી સમીરી વણિક સમાજ**
**ઉત્કર્ષ મંડળ, અમદાવાદ**

### ક્ષમા યાચના

વર્ષ દરમ્યાન ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરખબર, ભેટ આપી વાયડામિત્રને આર્થિક રીતે ઘણી મોટી મદદ કરતા રહે છે. અમો તે સૌનાં આભારી છીએ. લેખકમિત્રો પોતાની મૌલિક રચનાઓ મોકલી વાયડામિત્રને ઉત્તરોતર વધુ સમૃદ્ધ બનાવી રહ્યા છે અમો તે સૌનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.

– આપની મોકલેલ રચના, લેખ, કવિતા, વાર્તાને સમાવવામાં અથવા છાપવામાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા કરશો.

– વર્ષ દરમ્યાન જાહેર ખબરનાં બીલ, પાવતી મોકલવામાં ક્ષતિ રહી ગઈ હોય તો ક્ષમા કરશો.

– જ્ઞાતિ સમાચાર, લગ્નવિષયક, જાહેરખબર કે અન્ય વિગતમાં કોઈ ક્ષતિ રહી ગયેલ હોય તો ક્ષમા કરશો.

– વર્ષ દરમ્યાન જાહેરખબર લેવામાં, સ્થાન જાળવવામાં અથવા પ્રિન્ટીંગ દરમ્યાન કોઈ ભૂલ રહી જવા પામેલ હોય તો ક્ષમા કરશો.

વાયડામિત્ર અંક નિયમિત, સમયસર મળવામાં વિલંબ થયો હોય તો ક્ષમા કરશો.

**– વ્યવસ્થાપક**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## નુતન વર્ષાભિનંદન



સર્વે જ્ઞાતિબંધુઓને

પંકજ આર. પરીખ   સંધ્યા પી. પરીખ

પલક પી. પરીખ   રિધ્ધી પી. પરીખ

જય પી. પરીખ   તુલસી. જે. પરીખ

કુશ પી. પરીખ   અલય જે. પરીખ

તરફથી

**જય શ્રી કૃષ્ણ તથા નૂતન વર્ષાભિનંદન**

એ-૪૦૨, પુણ્યભૂમિ એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેન્ક પાસે, સ્ટેટ બેન્કની સામે, ભઠ્ઠા ચાર રસ્તા, પાલડી, અમદાવાદ – ૩૮૦ ૦૦૭ ફોન : ૦૭૯-૨૬૬૦૯૧૬૫





## નુતન વર્ષાભિનંદન

સર્વે જ્ઞાતિજનોને ...

શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ, અમદાવાદ ના

નૂતન વર્ષાભિનંદન

શૈલેષ પી. શાહ   પરિમલ એમ. પરીખ

પ્રમુખ   ઉપ પ્રમુખ

શરદ જે. પરીખ   દિગંત એસ. પરીખ

સેક્રેટરી   જોઈન્ટ સેક્રેટરી

કંદર્પ વિ. પરીખ

ટ્રેઝરર

બી/૩૦૬, રૂદ્ર આર્કેડ, મે ફ્લાવર હોસ્પીટલ પાસે,
હેલ્મેટ સર્કલ, ડ્રાઈવ-ઈન રોડ, અમદાવાદ – ૩૮૦૦૫૨





# જય શ્રી કૃષ્ણ

## સર્વે જ્ઞાતિજનોને શુભ દિપાવલી
## તથા નૂતન વર્ષાભિનંદન

જયેશ રમેશચંદ્ર શાહ
જ્યોતિ જયેશ શાહ
નિધિ જયેશ શાહ

પ્રશાંત રમેશચંદ્ર શાહ
રેણુ પ્રશાંત શાહ
મોક્ષ પ્રશાંત શાહ
નિષ્ઠા પ્રશાંત શાહ

ફાલ્ગુની નિરજ પરીખ
નિરજ સનતભાઈ પરીખ
ઉર્વિ નિરજ પરીખ





# સૌ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ



સ્વ. શ્રી ચંદુલાલ શાહ



સ્વ. શ્રીમતી કંચનગૌરી શાહ



સ્વ. સ્મિતા શાહ

બંકિમ ચંદુલાલ શાહ

અંકિત બંકિમ શાહ
અભિ અંકિત શાહ
નેથન અંકિત શાહ

નિશા નિરલ શાહ
વંશિકા નિરલ શાહ

## સ્મરણાંજલિ

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્વતઃ ॥
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥
હે અર્જુન ! મારા જન્મ અને કર્મ દિવ્ય છે.
મારા જન્મ અને કર્મને જે મનુષ્ય તત્વથી જાણી લે છે !
તે દેહ છોડીને પુનર્જન્મ નથી પામતો, પણ મને જ પામે છે ॥
શ્રીમદ્ ભગવદ્ ગીતા અધ્યાય ૪-૯



લક્ષ્મીબેન ગોકલદાસ શાહ
તા. ૫-૧૦-૧૯૩૬ - ૩૦-૧૨-૨૦૧૧





નર્મદાબેન જેઠાલાલ શાહ
તા. ૩-૯-૧૯૩૯ - ૨૭-૦૨-૨૦૦૯

લાખો લડાવ્યાં લાડ અમને, કોડ સહુ પુરા કર્યા
અગણિત છે ઉપકાર એમના, જેઓએ મા-બાપની ખોટ પુરી
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેઓએ અમારા રાહ પર
એ રાહબરના પુનિત ચરણોમાં કોટી કોટી પ્રણામ

**વાયડા શાહ મોતીબેન મુલજી દામોદર પરિવાર (માંડવી-કચ્છ)**

**વસંતલાલ મુલજી શાહ** — **કલ્પેશ વસંતલાલ શાહ**
**અમૃતલાલ મુલજી વાયડા** — **આનંદ અમૃતલાલ વાયડા**
**નિરંજના લહેરીકાંત શાહ** — **નમન આનંદ વાયડા**

એ-૧/૬૦૨, યોગી પેલેસ, યોગી નગર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૧.
Email : amvayda@yahoo.com, Mobile : 09821463795





## સર્વે જ્ઞાતિબંધુઓને જય શ્રી કૃષ્ણ



## સ્વ. ચીનુભાઈ રમણલાલ શાહ
## પલ્લવી ચીનુભાઈ શાહ

૪૦૨, હેરીટેજ ક્રિસન્ટ, પ્રહ્લાદનગર ગાર્ડનની પાછળ, જૈન દેરાસર પાસે,
એસ.જી.હાઈવે, અમદાવાદ - ૩૮૦ ૦૫૧

# શ્રધ્ધાંજલિ





સ્વ. વેલજીભાઈ ઈદરજી શાહ
૧૪/૫/૧૯૨૧ – ૧૫/૧૧/૧૯૮૫

સ્વ. ગોદાવરીબહેન વેલજીભાઈ શાહ
૧/૧૨/૧૯૨૬–૯/૯/૨૦૧૨

હસતો ચેહરો રાખી ધુપસળી જેવુ જીવન જીવ્યા
પરોપકારી બની સુખમાં સૌને ભાગીદાર કર્યા
અતિકઠિન સંજોગોમાં ને દુખમાં હિંમત ના હાર્યા
છોડી અમારો સાથ પ્રભુને પાસ વસ્યા
વિદાય લીધી અણધારી અમોને એકલા મૂકયા
તસવીર જોઈ હૈયુ રડે છે પણ ખુશી છે જોઈ જે જીવન તમે જીવ્યા
યાદ રહેશે સદા તમારી જીવશુ માર્ગે તમારા ચીંધ્યા

*શાહ ઈદરજી માવજી પરિવારના જય શ્રી કૃષ્ણ*
*શુભેચ્છા સાથે*

ગં. સ્વ. વાસંતીબેન વિનયકાંત શાહ, ભુજ (કચ્છ)
અ.સૌ. ધર્મિષ્ટાબેન નવીનચંદ્ર શાહ, કોલ્હાપુર
અ.સૌ. નલિનીબેન અમૃતલાલ વાયડા, બોરીવલી, મુંબઈ
સ્વ. હર્ષાબેન દિલીપ શાહ
બા-બાપુજી (દાદા)ના દોહિત્ર / દોહિત્રી
ટીના, પ્રીતિ, ઉષ્મા, અમિત, જીગર, અજિતા, આનંદ, ડીમ્પલ, ચાંદની
તેમ જ વ્હાલા પરદોહિત્ર / દોહિત્રી
માનસી, તુલસી, મીત, નિધિ, પૂજન, જાનવી, બિયંકા, નમન





## શ્રધ્ધાંજલિ





સ્વ. શ્રી મુલજીભાઈ દામોદર શાહ
સ્વર્ગવાસ: તા. ૧૪–૧૧–૧૯૬૯

સ્વ. મોતીબહેન મુલજીભાઈ શાહ
સ્વર્ગવાસ: તા. ૦૩–૧૨–૧૯૭૨

### માં-બાપને કદી ભૂલશો નહિ

### શુભેચ્છા સાથે ...

શ્રી વસંતલાલ મુલજીભાઈ
શ્રીમતી કલાવતી વસંતલાલ
શ્રી કલ્પેશ વસંતલાલ
શ્રીમતી અવની કલ્પેશ
૨/૨, કેસરકૃપા, કાલાભાઈ ડેલો,
નાગર ચકલા.
ભૂજ–કચ્છ – ૩૭૦ ૦૦૧

શ્રી અમૃતલાલ મુલજીભાઈ
શ્રીમતી નલિની અમૃતલાલ
